


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૮-૦૭-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૧,૩૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૬-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ વદ ૮ વર્ષ : ૨૮ અંક ૨૯૮

## અવધ હેરિટેજ રીસોર્ટમાં આપનું સ્વપ્ન થશે સાકાર...

### આપના શુભ પ્રસંગો ઉજવો અવધ હેરિટેજ રિસોર્ટમાં



**લગ્ન પ્રસંગ માટે ૧ દિવસનું પેકેજ માત્ર રૂા. ૧,૮૦,૦૦૦/-**

વહેલા તે પહેલાના ધોરણે બુકીંગ માટે આજે જ સંપર્ક કરો

સંજયભાઇ
મો.૯૯૯૮૩ ૨૭૭૭૬

**મેરેજ પેકેજ**

તૃપેશભાઇ
મો.૯૭૧૨૭ ૫૦૨૦૮

મેઇન ગેટ - મેઇન એન્ટ્રી - ગ્રાઉન્ડ લાઇટ - LED પાર લાઇટ - લેધર સોફા
કવર સાથે ચેર - સેલ્ફીઝોન - ૬૨ KV જનરેટર - મંડપ તથા લાઇટ ડેકોરેશન સાથે



Avadh HERITAGE RESORT
"One step close to paradise"
KB GROUP

## અવધ હેરિટેજ રીસોર્ટ

અમરપુર વરૂડી, તા.જી. અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

## સમગ્ર સાવરકુંડલા વિસ્તારની કાયાપલટ માટે શ્રી મહેશ કસવાળા કટીબધ્ધ

# વીજપડીમાં સાડા છ કરોડનાં ખર્ચે હોસ્પિટલ બનશે : શ્રી કસવાળા

### રાજુલા તથા મહુવા તાલુકાના ગામડાઓ સહિત કુલ ૩૭ ગામોને મળશે વિજપડીનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનો લાભ : ધારાસભ્ય શ્રી કસવાલા



અમરેલી,

અમરેલીજિલ્લાનાછેવાડાનું ગામ વીજપડી જે સાવરકુંડલા તાલુકાનું સૌથી મોટું ગામ હોય અને ત્યાંનું વ્યાપાર કેન્દ્ર પણ મોટું હોય જેમાં આજુબાજુના તેમજ રાજુલા તથા મહુવા તાલુકાના ગામડાઓનો ખરીદ વેચાણનું પણ કેન્દ્ર વીજપડી ગામ હોય જેને ધ્યાને લઈ કર્મશીલ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ને આ ગામના લોકો સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે રજૂઆતો મળતી હતી જે ધ્યાને લઈ શ્રી કસવાલાએ સરકારમાં સતત રૂબરૂ અને ટેલીફોનિક તેમજ લેખિત રજૂઆતો કરતા રહ્યા અને આ ગુજરાતની સંવેદનશીલ ભાજપ સરકારદ્વારાવીજપડી તથા આજુબાજુના ગામોની આરોગ્ય સુખાકારી માટે સામુહિક આરોગ્ય કેન્દ્રને તાંત્રિક મંજૂરી આપેલ છે.

આ તાંત્રિક મંજૂરી રૂપિયા ૬.૬૦ ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્ર વીજપડી ગામે તૈયાર થશે જેમાં ગામ લોકો માં આનંદની લાગણી જોવા મળી રહી છે અને ધારાસભ્ય શ્રી કસવાલા ઉપર અભિનંદનની વર્ષા પણ થઈ રહી છે. મળતી વિગતો મુજબ ધારાસભ્ય શ્રી કસવાલાયો જણાવ્યું હતું કે આ સામૂહિક આરોગ્ય કેન્દ્રથી રાજુલા અને મહુવા તાલુકાના ગામડાઓને પણ સારો લાભ મળશે સાથોસાથ સામૂહિક આરોગ્ય કેન્દ્ર વીજપડી ગામે બનવાથી આરોગ્યતા માં પણ સુધારો થઈ શકશે ધારાસભ્ય કસવાલાએ વધુમાં જણાવ્યું હતું કે આ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મેન બિલ્ડીંગ જે ૩.૯૧ કરોડના ખર્ચે તૈયાર થશે તો વોટર સપ્લાય અને સેનીટરી વર્ક માટે સાત લાખ, એક્ટરનલ ડ્રેનેજ સિસ્ટમ માટે ૬.૮૯ લાખ, પ્રોટેક્શન વર્ક માટે ૨૭.૨૦ લાખ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે ૨.૪૮ લાખ, પ્લાન્ટેશન વર્ક માટે ૮૦,૦૦૦, સીસી રોડ અને મેઈન એન્ટ્રી માટે ૨૦.૮૩ લાખ, કમ્પાઉન્ડ વોલ માટે ૨૦.૪૦ લાખ, એમ્બ્યુલન્સ ગેરેજ માટે ૫.૩૪ લાખ, ઈલેક્ટ્રીકવર્ક માટે ૩૮.૮૮ લાખ, એમ.જી.પી.એસ વર્ક માટે ૬.૩૨ લાખ મળી કુલ રૂપિયા ૬.૬૦ ના ખર્ચે આ સામુહિકારીઓ કેન્દ્રનું નિર્માણ થશે અને લોકોની આરોગ્ય લક્ષી સુવિધાઓમાં પણ વધારો થશે તેમ સત્વ ‘અટલધારા‘ કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હિરપરાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### વિજપડીમાં હોસ્પિટલ મંજુર થતા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તથા આરોગ્ય મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતા શ્રી કસવાલા

## અમરેલી એડીએનપી દ્વારા હિપેટાઇટિસ સપ્તાહની ઉજવણી

### એઆરટી ટીમ દ્વારા હિપેટાઇટિસની માહિતી આપવામાં આવી



અમરેલી, એડીએનપી સંસ્થા દ્વારા ભાવનગર, ડિશા, ડીએપીસીયુના માર્ગદર્શન હેઠળ તા.૨૬-૭ના એડીએનપી સંસ્થા અને એઆરટી સેન્ટર દ્વારા હિપેટાઈટિસ સપ્તાહની ઉજવણી સાથે અવેરનેસ પ્રોગ્રામ એઆરટી સેન્ટર શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલ ૪૦ એચઆઈવી પોઝિટીવ લોકો ઉપસ્થિત રહ્યા હતાં. અને તેમા એઆરટી કાઉન્સેલર રાજીવભાઈ મકવાણા, પરેશભાઈ હેલૈયા, લેબટેક હાર્દિકભાઈ, બેટા મેનેજર ગીરીશભાઈ, સ્ટાફ બ્રધર અનિલભાઈ અને આશિફભાઈ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં સંસ્થાની માહિતી એડીએનપીના કર્મચારી દ્વારા આપવામાં આવી હતી. અને હિપેટાઈટિસની માહિતી એઆરટી ટીમ દ્વારા આપવામાં આવી હતી. જેમાં તેના રોગના પ્રસાર પ્રચાર, લક્ષણો અને સારવાર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા એડીએનપી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## અમરેલીનાં કોલેજ સર્કલ પાસે અલ્ટોને અકસ્માત



અમરેલીનાં લાઠી રોડ ઉપર કોલેજ સર્કલ પાસે કોઈ નિશાન વગરનાં પથ્થર સાથે અલ્ટો ગાડી અથડાઈ પડી હતી. તેમાં કોને ઈજા થઈ છે કે કેવી રીતે બનાવ બન્યો છે તે વિગતો બહાર આવી નથી.

## લીલીયાનાં પુંજાપાદરમાં ગુરૂપુર્ણિમાની ઉજવણી

### પુજન, આરતી, સત્સંગ, મહાપ્રસાદ, સંતવાણીનું આયોજન



લીલીયા, (મહેશ દવે)

લીલીયા તાલુકાનાં પુંજાપાદરમાં ગુરૂપુર્ણિમા ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે વાઘણીયાવાળા હાલ પુંજાપાદરનાં બાગીરીબાપુ ગુરૂદેવપુજન આરતી, ધુન, સત્સંગ, મહાપ્રસાદ અને સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. શાસ્ત્રી હિંમતદાદા લોકીવાળાનાં મુખેથી સત્સંગ આદ્યાત્મિક પ્રવચન રાખેલ હતું. આ પ્રસંગે સેવકગણ, ભાઈબહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરૂદેવનાં આશિર્વાદ લીધા હતાં.

તથા લીલીયા અને પુંજાપાદર વચ્ચે બિરાજતા પંચમુખી હનુમાન મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહંત મગનદાસબાપુ ગુરૂશ્રીની ગુરૂપુજન, મહાઆરતી, સાંજનાં મહાપ્રસાદનું ભવ્ય આયોજન અને હાલનાં મહંત હરિરામબાપુએ આપેલા આમંત્રણને માન આપી બહોળી સંખ્યામાં ભાઈઓ, બહેનોએ લાભ લીધો હતો.

## સાવરકુંડલાના વીજપડીમા રેશનકાર્ડનાં નામે લૂંટ

### ભ્રષ્ટાચાર અંગે અમરેલી કલેકટરને રજુઆત

વિજપડી, (સંજય વાઘેલા) સવારકુંડલા તાલુકાના વીજપડી ગામ ની રેશનિગનીદુકાને રેશનકાડ માં kyc કરાવવા ફરજિયાતનું બોર્ડ લાગતા લોકોની કતારો લાગી હતી. ખાનગી દુકાને રેશનકાર્ડમા એક નામ ના ૩૦ થી ૫૦ સુધીનો ભાવ લેવાયાની ચર્ચા છે. ૫ થી ૯ નામ નાકેટલા રુપિયા થાય ? શું ગરીબોને બોર્ડમા ફ્રી એવુ બોર્ડ મુકવામાં આવે છે આમ ગરીબો લુંટાય છે. અધિકારીઓની મીલીભગતની પણ ચર્ચા છે. આવા અધિકારીને તાત્કાલીક સસ્પેન્ડ કરવા કલેકટરે પગલા લેવા શ્રી સંજય વાઘેલાએ માંગ કર્યાનું જણાવ્યું છે.

## સાવરકુંડલામાં ધાર્મિક દબાણો દુર કરવાની નોટિસો આપતા ચિફ ઓફિસરને રજુઆત



### મુસ્લિમ, મેમાણ જમાતે આધાર પુરાવા રજુ કર્યા

સાવરકુંડલા,

સાવરકુંડલા ખાતે ધાર્મિક દબાણો દૂર કરવાની નોટીસ અંગે સાવરકુંડલા મુસ્લિમ હલાઈ મેમણ જમાતદ્વારા આજે પાલિકાના ચીફ ઓફિસરને લેખિત આધાર પુરાવા સાથે રાજાશાહી વખતનો દસ્તાવેજની કોપી રજૂ કરવામાં આવી હતી.

જે મિલકત વકફ કરેલ હોવાના આધાર પુરાવા સાથે સુન્ની મુસ્લિમ સમાજના અગ્રણી ભુરાભાઈ કુરેશી સાથે પાલિકામાં મેમણ હલાઈ જમાતના પ્રમુખ આસિફભાઈ હિંગોરા અને રાજુભાઈ પોપટીયાએ રજૂ કર્યું હતું.


બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય



● પાવરફુલ એરફુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ
10 YEAR GUARANTEE
નિયંત્રણ
ઉધઈ
ફક ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ - હાઈટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૭૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
A/C તથા NON A/C
ગાડી ભાડે મેળવવા માટે
વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ
મારૂતી અર્ટીગા (૭ સીટર)
મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

॥ જય મેલડીમાં ॥
૨૦ વર્ષનાં જુના અને જાણીતા
જય ખોડિયાર વેલ્ડીંગ વર્કસ
તમામ પ્રકારના ટ્રી ગાર્ડ (પીંજરા) ઓર્ડરથી બનાવી આપીશુ (હોલસેલ અને રીટેઇલ)
આપના બગીચા ફાર્મહાઉસમાં તેમજ ખેતરની આજુબાજુમાં પશુઓથી આપના કિંમતી વૃક્ષનું જતન કરવા માટે આજે જ ટ્રી ગાર્ડ વસાવો
ટ્રી ગાર્ડ ઓર્ડર કરવા માટે સંપર્ક કરો
આશીષ મકવાણા મો.૮૨૦૦૩ ૫૯૧૫૦
જયદીપ મકવાણા મો.૮૨૦૦૩ ૦૯૩૩૨
મુ.પીઠવાજાળ, તા.જિ.અમરેલી

જમીન વેચવાની છે
હાઇવે ટચ મકાન સાથેની ખેતીની જમીન વેચવાની છે
સંપર્ક : મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

મહેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ, અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨, ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ
■ ૩ શાક ■ દાળ-ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ■ કઢી - ખીચડી
■ રોટલી - રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૬૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

એલર્જી - શ્વાસ - કફ
સ્પાયરોમેટ્રી સુવિધા
ડો. ડબાવાલા
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT
The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ડો. વિભાબેન વેલાણી
ડો. રોમી વેલાણી M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોક્ટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

મેટ્રો કન્સલટન્ટ
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ
● GST રીર્ટન
● I.T. રીર્ટન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

Coca-Cola
જીતુભાઈ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ
સતાધાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેન્ડ પાસે, અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩, મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

જગ્યા વેચાણથી આપવાની છે
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા
પહેલો માળ ‘‘અવલકુંજ’’ કોમ્પલેક્ષ
જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં.. ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
‘‘પીપલ્સ ભવન’’, ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

દુકાન વેચવાની છે
અમરેલીમાં એસ.ટી. બસ સ્ટેન્ડની સામે વ્હાઇટ હાઉસમાં ‘‘હરિધામ ટ્રાવેલ્સ વાળી’’ અતિ મોકાની દુકાન વેચવાની છે.
સંપર્ક
મો.૯૪૨૭૨ ૬૧૫૬૧

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

અમરેલી તથા સુરત
ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ, બર્ગર, પીઝા સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

શાસ્ત્રી અક્ષયભાઇ એચ.જોષી
રાંદલ કથા - શાંતિ યજ્ઞ (ગ્રહશાંતિ)
માતાજીનો યજ્ઞ (નવચંડી) - વાસ્તુ (કુંભ સ્થાપન)
પીતૃકાર્ય (નારાયણબલી, પ્રેતબલી)
જ્યોતિષ (જન્માક્ષર, લગ્ન મેળાપક) - લગ્નવિધી
વિષ્ણુયાગ (વિષ્ણુસહસ્ત્રના પાઠ, ગીતાજીના પાઠ)
રૂદ્રયાગ (હોમાત્મક લઘુરૂદ્ર) - લક્ષ્મીયાગ (શ્રીસુક્તના પાઠ)
ઉપરોક્ત ધાર્મિક કાર્ય સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધીપુર્વક કરાવવા માટે સંપર્ક કરો
સંપર્ક : મો.૮૭૫૮૭ ૩૩૨૦૯

મકાન વેચવાનું છે
‘‘જોતા જ ગમી જાય તેવુ’’
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે (ગેસ, ગટર, પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

અમરેલીમાં મકાન વેચવાનું છે
લાઠી રોડ, સનફલાવર સ્કુલ પાસે, નારાયણ નગરમાં, વાત્સલ્ય રેસીડેન્સીમાં, કોમન પ્લોટ ટચ, પુર્વાભિમુખ, રોડ ટચ અતિ મોકાનું મકાન બી-૧૬ સસ્તામાં આપી દેવાનું છે
સંપર્ક : માંગરોળિયા પ્રેમલભાઇ વિનુભાઇ
મો.૯૫૫૮૩ ૭૦૪૯૨, ૯૩૭૬૨ ૮૩૦૪૧

### આટકોટની ડીબી પટેલ એજ્યુકેશન ટ્રસ્સ સંસ્થાનાં બે આરોપીઓએ દુષ્કર્મ કરવાની ઘટના સહિત ગુજરાતમાં થતા મહિલાઓ ઉપરનાં અત્યારચાર સામે લડતનાં મંડાણ

# આટકોટની સંસ્થાનાં આરોપી સામે પગલા લો : શ્રી જેની ઠુંમર

### આરોપીઓની ધરપકડ કરી ફાસ્ટ્રેક્ટ કોર્ટમાં કેસ ચલાવવાની માંગણી સાથે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દરેક અવાજને અહિંસાનાં માર્ગ ચાલીને ઉઠાવશે : શ્રી જેનીબેન ઠુંમર

### સરકાર પિડીતાને ન્યાય અપાવતી ન હોય ખોટા આશ્વાસન આપે છે : મહિલાઓ માટે ગુજરાત મહિલા કોંગ્રેસ લડત ચલાવશે : પત્રકાર પરિષદમાં શ્રી જેનીબેન ઠુંમરની જાહેરાત



અમરેલી, અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ દ્વારા તા. ૨૯ જુલાઈ સોમવારના રોજ ભારતની રાજધાની દિલ્હીના જંતરમંતરથી દેશવ્યાપી આંદોલન શ; થવા જઈ રહ્યું છે. આ આંદોલનમાં ગુજરાતમાંથી ૧૫૦થી વધુ મહિલાઓ દિલ્હી ખાતે આંદોલનનો ભાગ બનવા જઈ છે. આંદોલનની મુખ્ય ત્રણ માંગણીઓ છે. તે અંગે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જેનીબેન દુમ્મરે જણાવ્યું હતું કે, પ્રથમ માંગણી રાજકીય ન્યાય અને રાજકીય ભાગીદારી છે. આ રાજકીય ન્યાય અને રાજકીય ભાગીદારી હેઠળ માંગણી એ છે કે ૩૩ ટકા મહિલા અનામતનો કાયદો લાગુ કરો, આજે કરો, હમણાં કરો તથા અત્યંત પછાત વર્ગની એસસી, એસટી અને ઓબીસી બહેનોની સાથે તેમનું સ્થાન અને ભાગીદારી સુનિશ્ચિત કરીને મહિલા અનામત કાયદાનો અમલ કરવામાંઆવે. હવે જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. સત્ર ચાલી રહ્યું છે, આ અંગે ચર્ચા કરીને અમલ કરો. હરિયાણા, ઝારખંડ, જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર, આ ૨૦૨૪ના અંત સુધીમાં ચૂંટણી યોજાવાની છે, જેથી આ રાજ્યની મહિલાઓને અનામતનો લાભ મળી શકે. બીજી માંગણી આર્થીક ન્યાય છે આજે મહિલાઓ વધતી મોંઘવારી અને વધતી બેરોજગારીનો ભોગ બની રહી છે. વધતી જતી મોંઘવારી અને વધતી બેરોજગારીને કારણે ઘણી બહેનો ઘરેલુ હિંસાનો શિંકાર બની રહી છે. અમારી માંગ છે કે અડધી વસતીને મોંઘવારીમાંથી રાહત આપવી જોઈએ. આ બજેટમાં મહિલાઓને મોંઘવારીમાંથી રાહત મળશે તેવી અપેક્ષા હતી, પરંતુ આ બજેટ નિરાશાથી ભરેલું હતું. મહિલાઓ માટે નોકરી કે મોંઘવારીમાંથી રાહતની કોઈ ચર્ચા થઈ નથી. અમારી માંગ છે કે મહિલાઓ માટે મહાલક્ષ્મી યોજના લાગુ કરવામાં આવે. મહાલક્ષ્મી યોજનામાં કહેવામાં આવ્યું છે કે મોંઘવારી બેરોજગારી સામે લડવા માટે દેશના દરેક ગરીબ પરિવારની એક મહિલાને વાર્ષિક ૧ લાખ ઉપિયાની આથિંક સહાય આપવામાં આવશે. દર મહિને લગભગ ૮,૫૦૦ ઉપિયા સીધા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવરો. અમે માંગ કરીએ છી એ કે મહિલાઓને મોંઘવારીમાંથી રાહત આપવા માટે આ આર્થિક મદદ મહાલક્ષ્મી યોજના અંતર્ગત આપવામાંઆવે. તેમના સીધા પૈસા જમા કરીને તેમનું આર્થિક સશક્તિકરણ અને આર્થિક ન્યાય થવો જોઈએ. ત્રીજી માંગણી સામાજિક ન્યાય અને સુરક્ષાનો અધિકાર. ભાજપ સરકારમાં મહિલાઓ પર અત્યાચાર, મહિલાઓ સામેના ગુનાઓ સતત વધી રહ્યા છે અને ગુનેગારોમાં કાયદાનો ડર ઓછો થઈ રહ્યો છે. તાજેતરની ઘટના ગુજરાતના રાજકોટ જીલ્લાના આટકોટ ખાતે ડી.બી.પટેલ એજ્યુકેશન બે આરોપીઓ પરેશભાઈ રાદડીયા અને મધુભાઈ ટાઢાણી દ્વારા યુવતિ ઉપર દુષ્કર્મ આચરવામાં આવ્યું જે ઘટનામાં પિડિતા યુવતિએ પોતે મીડીયા સમક્ષ આવીને પોતાને ન્યાય મળે તે માટે માંગણી કરી રહી છે કે મારી સાથે અવારનવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે ત્યારે સરકાર કક્ત પોકળ દાવા અને ખોટા આશ્વાસન આપે છે. આરોપીની થવી જોઈએ અને કાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે એવી અમારી સરકાર સમક્ષ માંગણી છે. છેલ્લા એક મહિનામાં ટેટ-ટાટ-એલ.આર.ડી. ની બહેનો જ્યારે પોતાના હક્ક, અધિકાર અને ન્યાય માટે ગાંધીનગર આવી શાંતિપૂર્ણ ધરણા કરી રહી હતી ત્યારે પોલીસ તેમજ સરકાર દ્વારા જે તેમની સાથે ગેરવર્તન કરવામાં આવ્યું તેમજ તેમને ઘસડી-ઘસડીને અટકાયત આવી તે નિંદનીય તેમજ અમાનવીય છે. લોકશાહીમાં આંદોલન કરવાનો અધિકાર છે. આ ચળવળમાં ઊઠેલા દરેક અવાજને અમે ગાંધીવાદી સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને ઉઠાવીશું. મુખ્ય ત્રણ માંગણીઓને લઈને દિલ્હી ખાતે શઉઆત કરી આ આંદોલન ગુજરાતમાં પણ મહિલા કોંગ્રેસ સંગઠનના માધ્યમથી જિલ્લા સ્તર પર કરવામાં આવશે અને જયાં સુધી સરકાર દ્વારા આ માંગણીઓ પરીપૂર્ણ કરવામાં નહિં આવે સુધી મહિલા કોંગ્રેસ ગુજરાતની મહિલાઓ માટે અને સાથે રહીલડત ચલાવશે એવું ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન દુમ્મરે જણાવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિ ના અમદાવાદ શહેરના પ્રમુખશ્રી કામીનીબેન સોની અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી મોનાબેન પ્રજાપતિ ઉપસ્થિત રલાંહતાં.

### જ્યાં ડો. એપીજે અબ્દુલ કલામ આવી ચુક્યા છે તેવા

# વિખ્યાત સર્વોદય આશ્રમ બાબાપુર જવાનો રસ્તો ચોમાસામાં બંધ થયે કાયમી મૂશ્કેલી

### સર્વોદય આશ્રમનું બસસ્ટેન્ડ હતુ અને અમરેલી ધારી બસ ચાલતી હતી



બાબાપુર, (હસમુખ રાવળ)

જ્યાં ડો. એપીજે અબ્દુલ કલામ આવી ચુક્યા છે તેવા વિખ્યાત અમરેલીનાં સર્વોદય આશ્રમ બાબાપુર જવાનો રસ્તો ચોમાસામાં બંધ થઈ જાય છે. જ્યાં સર્વોદય આશ્રમનું બસસ્ટેન્ડ હતુ અને અમરેલી ધારી બસ ચાલતી હતી તે માર્ગ ચોમાસામાં બંધ થતા વિદ્યાર્થી અને વાલીઓ પરેશાન છે.

આ રસ્તો સર્વોદય આશ્રમ રોડ છે અહિયાં પાંત્રીસ વર્ષ પહેલાં અહીં બસ ચાલતી હતી. હાલમાં આ જુનો રસ્તો બંધ થઈ ગયો છે આશ્રમમાં બસસ્ટેન્ડ હતું અહીં અમરેલી ધારી બસ ચાલતી હતી હવે તંત્રને ધ્યાન દોરવાની જરૂર છે ચોમાસું શરૂ થાય એટલે આ રસ્તો સર્વોદય આશ્રમ રોડ ઉપર જવા માટે બંધ જાય છે ખાડામાં ગાડીઓ સ્લીપ થઈ જાય છે તો આ રસ્તો સારો કરવામાં આવે તેવી લોક માગણી છે કારણ કે, આ રસ્તો તરવડા મેડીને પણ જોડે છે અને ત્યાંનું જુનુ હલાણ છે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

રુફટોપ સોલાર પેનલ ફીટ કરાવવી છે ?
તો હવે કોની રાહ જુઓ છો સાહેબ ?
આજે જ આપનું કનેકશન રજીસ્ટર કરાવો...
સબસીડી તો ગ્રાહકોના ખાતામાં જમા થવા માંડી છે.
માસિક સરળ હપ્તાની લોન સેવા પણ ઉપલબ્ધ
સ્ટાન્ડર્ડ કંપનીની પ્લેટો અન્ય ઈલેકટ્રીકલ પૂરક ઈન્સ્ટુમેન્ટ સાયકલોન સામે ટકી શકે એવું મજબુત ફીટીંગ (રૂબરૂ મળશો તો ફાયદો થશે)
વિશાલભાઈ : 94288 88098 / 97271 88098
લાભમ્ એન્ટરપ્રાઈઝ
લાઠી રોડ, સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ, એસ.ટી.ડીવીઝન પાસે, અમરેલી.

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૧/૨૦૨૪..................તા.૦૫-૦૭-૨૦૨૪

વિવાદી :- શ્રી ઘનશ્યામભાઈ બચુભાઈ ગઢીયા રહે.સુરત

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી શેખપીપરીયા ગ્રામ પંચાયત, તા.લાઠી

**જાહેર નોટીસ**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે શેખપીપરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પિતા બચુભાઈ શામજીભાઈ ગઢીયાનું મરણ તા.૦૧-૧૧-૧૯૮૨ના રોજ મોજે શેખપીપરીયા, તા.લાઠી મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૨-૦૬-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૪-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૧-૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાવર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025

પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665

## ૨૨ મી વાર્ષિક પૂણ્યતિથીએ

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. ભીખાજીભાઇ કડવાભાઇ બારૈયા**

**સ્વ. તા. ૨૮-૭-૨૦૦૨**

દરિયાદીલી જેમના શ્વાસોમાં હતી, કરૂણા જેના હૃદયમાં હતી,
પરોપકાર જેમના પગલામાં હતો, કોઇના દુઃખે દુઃખી અને કોઇના સુખે સુખી
એવો જીવન મંત્ર હતો, આખુ જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા.
પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

લક્ષ્મણભાઇ ભીખાજીભાઇ બારૈયા - દિવાળીબેન લક્ષ્મણભાઇ બારૈયા
બેબીબેન ભીખાજીભાઇ બારૈયા
નરેશભાઇ લક્ષ્મણભાઇ બારૈયા - બિનાબેન નરેશભાઇ બારૈયા
યોગેશભાઇ લક્ષ્મણભાઇ બારૈયા - પ્રિતીબેન યોગેશભાઇ બારૈયા
અજયભાઇ લક્ષ્મણભાઇ બારૈયા - રાજશ્રીબેન અજયભાઇ બારૈયા
ગીતાબેન અનુપકુમાર - ઉતમ, ચારમી, શૌયમ, શિયા, પ્રથમ
બારૈયા પરિવાર - મુ.જાફરાબાદ, જી.અમરેલી

## ૨૨ મી વાર્ષિક પૂણ્યતિથીએ

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. ભીખાજીભાઇ કડવાભાઇ બારૈયા**

**સ્વ. તા. ૨૮-૭-૨૦૦૨**

દરિયાદીલી જેમના શ્વાસોમાં હતી, કરૂણા જેના હૃદયમાં હતી,
પરોપકાર જેમના પગલામાં હતો, કોઇના દુઃખે દુઃખી અને કોઇના સુખે સુખી
એવો જીવન મંત્ર હતો, આખુ જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા.
પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

ધીરજલાલ ભીખાજીભાઇ બારૈયા - દેવીબેન ધીરજલાલ બારૈયા
ડો. મહેશ ધીરજલાલ બારૈયા - મિલા મહેશભાઇ બારૈયા
કિશોર ધીરજલાલ બારૈયા - સુનિતા કિશોર બારૈયા
પ્રિન્સ, નેન્સી, ડેનિયન
બારૈયા પરિવાર - મુ.જાફરાબાદ, જી.અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૮-૦૭-૨૦૨૪ રવિવાર

# બંગાળ અને કેરળના પ્રધાન પોતાના રાજ્યને દેશ માનીને ચલાવતા કેમ લાગે છે?

પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ થોડા દિવસો પહેલા બાંગ્લાદેશી શરણાર્થીઓને લઈને નિવેદન આપ્યું હતું. આ સિવાય કેરળ સરકારે વિદેશી સહકાર માટે સચિવની નિમણૂક કરી હતી. વિદેશી અને રાજદ્વારી બાબતો અંગેની સમગ્ર જવાબદારી કેન્દ્ર સરકારની છે અને કેન્દ્ર સરકારે તેના દખલગીરી અંગે નારાજગી વ્યક્ત કરી છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકારે રાજ્યોને આવી દખલગીરી ન કરવાની સલાહ આપી છે અને તેને બંધારણ વિરોધી પણ ગણાવી છે. કેરળમાં ફોરેન કોઓપરેશન સેક્રેટરીની નિમણૂકની પણ કેન્દ્ર સરકારે આકરી ટીકા કરી છે. કેન્દ્રની આ સલાહમાં માત્ર કેરળ જ નહીં પરંતુ પશ્ચિમ બંગાળ સરકારને નિશાન બનાવવામાં આવી છે.

કેન્દ્રએ રાજ્યોને તેમના બંધારણીય અધિકારક્ષેત્રની બહારની બાબતોમાં હસ્તક્ષેપ ન કરવા જણાવ્યું છે. કેન્દ્ર સરકારે આ સપ્તાહની શરૂઆતમાં પશ્ચિમ બંગાળને ચેતવણી આપી હતી કે તેની પાસે શરણાર્થીઓના મુદ્દે કોઈ સત્તા નથી. ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક રેલી દરમિયાન તો ત્યાં સુધી કહ્યું કે જો હિંસાગ્રસ્ત બાંગ્લાદેશમાં હિંસા બંધ નહીં થાય તો રાજ્ય સરકાર બંગાળમાં ભાગી ગયેલા લોકોને આશ્રય આપશે. આ મુદ્દા અંગે, વિદેશ મંત્રાલયે કહ્યું છે કે બંધારણની સાતમી અનુસૂચિની સૂચિ-૧ (યુનિયન) ની આઇટમ-૧૦ માં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિદેશી બાબતો અને કોઈપણ અન્ય દેશ સાથે ભારતીય સંઘના સંબંધોને લગતી બાબતો કેન્દ્ર સરકારનો એકમાત્ર વિશેષાધિકાર છે. તે સમવર્તી અથવા રાજ્ય વિષય નથી.

સોશિયલ મીડિયા દ્વારા વડાપ્રધાન અને અન્ય નેતાઓને હત્યાની ધમકીઓ આપવા બદલ કેનેડામાં બે લોકોની ધરપકડ અંગે વિદેશ મંત્રાલયે કહ્યું છે કે તેણે આ સંબંધમાં અહેવાલો જોયા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું જ્યારે કોઈ લોકશાહી, કાયદાના શાસન અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને માપવા અથવા લાગુ કરવા માટે અલગ-અલગ માપદંડ અપનાવે છે, ત્યારે તે વ્યક્તિના પોતાના બેવડા ધોરણોને જ ઉજાગર કરે છે. બાંગ્લાદેશ સરકારે પણ મમતા બેનજીર્ના નિવેદન પર નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે મમતાનું નિવેદન ભડકાઉ અને તેમના આંતરિક મામલામાં છે. બાંગ્લાદેશ સરકાર સમજે છે કે જ્યારે સ્થિતિ સામાન્ય થઈ રહી છે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીનું આ પ્રકારનું નિવેદન સ્થિતિને વધુ બગાડી શકે છે.

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે રાજદ્વારી માધ્યમો દ્વારા ભારત સરકારનો સંપર્ક કર્યો છે. બાંગ્લાદેશ વતી કહેવામાં આવ્યું હતું કે મમતા બેનજીર્ની ટિપ્પણી લોકોમાં ભ્રમ પેદા કરી શકે વિદેશ મંત્રી હસન મહમૂદે કહ્યું કે હું પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને પૂરા આદર સાથે કહેવા માંગુ છું કે તેમની સાથે અમારા ઘણા સારા સંબંધો છે. અમારો ચોક્કસપણે ગાઢ સંબંધ છે, પરંતુ અમુક અંશે અમે તેમની ટિપ્પણીઓ સાથે સહમત નથી. અમે આ મામલે ભારત સરકારને પત્ર લખ્યો છે. જો કે મમતા આ રીતે જ પોતાની વોટબેન્કની રચના કરી છે. તેનાથી બંગાળી પ્રજા સખત નારાજ છે. તો પણ એમની પાસે સત્તામાં ટકી રહેવાનું ટોનિક છે એટલે ચાલે છે. બંગાળની પ્રજા આમ પણ બાંગ્લાદેશથી આવતા નિરાશ્રિત અને ઘુસણખોરો ( બનનેમાં ફેર છે ) થી સખત ત્રાસી ગઈ છે.
મમતા બેનરજી ભારતીય અખબારોની બાંગ્લાદેશના વર્તમાન વધુ વાંચે છે એવી તો ભાજપે પણ અગાઉ એમની ટીકા કરેલી છે.

બાંગ્લાદેશ અને કેરળ બન્ને રાજ્યો આજે જ કેન્દ્ર સરકાર માટે માથાનો દુઃખાવો તો છે જ. પરંતુ આવનારા વરસોમાં ઉક્ત બેય રાજ્યો કેન્દ્રને અધિક તકલીફમાં મૂકશે એમાં કોઈ શંકા નથી. રાજ્યો એની મર્યાદા ઓળંગીને વિદેશનીતિમાં હસ્તક્ષેપ તે કોઈ કેન્દ્ર સરકાર ચલાવી ન શકે એ સ્વાભાવિક છે. કેરળને છદ્મવેશે પોતાના આગવા વિદેશ સચિવ રાખવાની જરૂર કેમ પડી એ પણ એક રહસ્યમય પ્રકરણ છે. કેન્દ્ર સરકારે બન્ને રાજ્યો સામે લાલ આંખ કરી છે પરંતુ આ અંગે કેન્દ્ર વધુ કડક નિયમનો ટૂંકમાં જ દાખલ કરવાની ગણતરી રાખે છે.સમયથી ભારતીય રાજ્યો અને કેન્દ્ર વચ્ચેની ટક્કર એક સ્વાભાવિક ઉપક્રમ બની ગયો છે. એમાં પણ જ્યાં કેન્દ્ર સરકારમાં જે શાસક પક્ષ હોય એના સિવાયની સરકારો જે રાજ્ય ચલાવતી હોય એના મનમાં સ્વાયત્તતાનો થોડો વધુ ખુશનુમા ખ્યાલ આવી જાય છે. એને કારણે તેઓ ઘણીવાર નાના મોટા મનઘડંત નિર્ણયો લે છે, બંધારણની બહારના હોય છે. સામાન્ય સંજોગોમાં જેમાં રાજ્યની પ્રજાનું હિત હોય અને બીજા રાજ્યોના હિત જોખમાતા ન હોય તથા કેન્દ્રની નીતિવિષયક બાબતોમાં બહુ મોટો હસ્તક્ષેપ ન હોય તો કેન્દ્ર સરકાર આંખ આડા કાન કરતી હોય છે. પરંતુ પોતાના રાજ્યને એક સ્વતંત્ર રાષ્ટ્રની જેમ ચલાવવા માટેના જે નેતાઓ અખતરા કરે તે કેન્દ્રના નિશાનમાં આવી જાય છે અને કેન્દ્ર સરકાર એના પર આકરા પગલાં લે છે.

### ખોટી ઓળખ આપી ખોટા મેસેજ મોકલી

# લીલીયાના પ્રૌઢ પાસેથી રૂા. ૫૫ હજારની છેતરપિંડી કરી

## વિશ્વાસમાં લઇ જુદી જુદી રકમના જી-પે અને ફોન-પેમાં ટ્રાન્ઝેકશન કરાવી છેતરપિંડી કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)
લીલીયા સાંઈનાથ પ્લોટ વિસ્તારમાં રહેતા હરેશભાઇ મંગાભાઇ ગોહિલ ઉ.વ.૪૦ને મો.૮૬૮૪૮ ૫૬૮૫૩ તેમજ ૮૩૦૭૬ ૩૪૭૯૦ના ધારક કોઇ અજાણ્યા વ્યકિતએ હરેશભાઇના ઓળખીતા જેસીબી મશીન ચલાવનાર ઉમાશંકર કાકાની ખોટી ઓળખ આપી દવાખાનાના કામમાં ફસાયેલ હોવાથી ખોટી હકીકત આપી ફરિયાદીના ખાતા રૂપિયા જમા કર્યા અંગેના બનાવટી મેસેજ મોકલી આપી ફરિયાદીને વિશ્વાસમાં લઈ જુદી જુદી રકમના રૂા.૫૫,૦૦૦ના જીપે અને ફોનપે ટ્રાન્ઝેકશન કરાવી છેતરપિંડી કર્યાની અમરેલી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ભાવનગરના ચિત્રામાં પરિણીતાને ત્રાસ અપાયો

## પતિ અને સસરાએ ત્રાસ આપી મદદગારી કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
ભાવનગરના ચિત્રા બેન્ક કોલોની ગણેશ નગર-૨ શેરીનં.૪માં રહેતી મનિષાબેન હિતેષભાઇ ચૌહાણને પતિ હિતેષ તથા સસરા રમેશ ભીખાભાઇ ચૌહાણે શારિરીક અને માનસિક ત્રાસ આપી પતિ હિતેષે ગાળો બોલી એકબીજાએ મદદગારી ગુનો કર્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના ખીચા ગામે બળાત્કાર ગુજાર્યો

## એક શખ્સે બળાત્કાર ગુજારી બીજાએ મારમારી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)
ધારી તાલુકાના ખીચા ગામે આજથી ત્રણેક વર્ષ પહેલા યુવતિને પોતાનો સમાન ઈરાદો પાર પાડવા રાજુ ભુપતભાઇ માથાસુળીયાએ યુવતિને પોતાની સાથે લઈ જઈ તેમની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારી ભુપત રવજીભાઇ માથાસુળી યાએ લાકડી વડે મારમારી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગસરા નજીક રફાળા ગામે વૃધ્ધનું સુતેલી હાલતમાં મોત

## દિકરીએ તેના પિતાનું સુતેલી હાલતમાં મોત નિપજયાનું જાહેર કર્યુ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
બગસરા તાલુકાના રફાળા ગામે રહેતાં મનસુખભાઇ સોમાભાઇ ચૌહાણ ઉ.વ.૬૦ તા.૨૪-૭ના પોતાના ઘરના પલંગ પર સુતેલ હાલતમાં મૃત્યું પામ્યાનું વિસાવદર ગામના ઓજત ખંભાળીયા ગામે રહેતી દિકરી મનિષાબેન વિરેન્દ્રભાઇ વાળાએ બગસરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# લીલીયામાં ટ્રાફિકને અડચણરૂપ બાઇક રાખતા યુવાન સામે પોલીસમાં ગુનો નોંધાયો

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)
લીલીયા નાવલી બજારમાં દિનેશ દિલીપભાઇ રાજકોટીયાએ પોતાનું પેશન પ્રો બાઇક જી જે ૦૧ એલસી ૧૨૩૯ ટ્રાફિકને અડચણરૂપ રોડ ઉપર રાખી મળી આવી ગુનો કર્યાની પો.કોન્સ.અમીનભાઇ જુણેજાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ચિતલમાં રેલ્વે ફાટક પાસે ફોરવ્હીલે બાઇકને હડફેટે ચડાવતાં એકને ઇજા

## બાઇક સાથે ભટકાવી ફેકચર તેમજ ઇજાઓ કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
અમરેલી તાલુકાના ચિતલ ગામના રેલ્વે ફાટકની આગળ આવેલ વળાંકમાં હનુમાનદાદાના મંદિર પાસે રોડ ઉપર ચોટીલા ગામના ગોપાલભાઇ દાનાભાઇ ચાવડા ઉ.વ.૨૬ પોતાનું બાઇક લઈને ચિતલથી પોતાના ઘરે ચોટીલા જવા નિકળેલ ત્યારે રેલ્વે ફાટક પછી વળાંકમાં પાછળથી એક સફેદ કલર આઇટન જી જે ૦૫ સીઆર ૯૫૫૦ના ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરિયાદના બાઇક સાથે ભટકાવી જમણા પગના સાથળમાં ફેકચર કરી તેમજ શરીરે નાની મોટી ગંભીર ઈજા કરી નાસી જઇ ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં જુદા જુદા પાંચ સ્થળે દેશીદારૂના દરોડા : ૪ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા

## જિલ્લામાં બે વાહનચાલક સહિત ૧૦ શખ્સોને રાજાપાઠમાં ઝડપી પાડયા

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા પાંચ સ્થળોએ દેશીદારૂના દરોડા પાડી ૪ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં જાફરાબાદ, લાઠી, મરીન પીપાવાવ અને સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે જિલ્લામાં બે વાહનચાલકો સહિત ૧૨ શખ્સોને રાજાપાઠમાં નશો કરી નિકળતા પોલીસે ઝડપી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી, રાજુલા, બાબરા, જાફરાબાદ મરીન, સાવરકુંડલા રૂરલ, મરીન પીપાવાવ, જાફરાબાદ, સાવરકુંડલા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

### વડાપ્રધાનશ્રીના અધ્યક્ષ સ્થાને

# નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક સંપન્ન

## ગુજરાતની વિકાસગાથાની પ્રભાવક પ્રસ્તુતિ કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

અમરેલી,
ગુજરાતને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાની નેમ.' વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે ગુજરાત૨૦૪૭ ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે.બે મુખ્ય પિલ્લર અર્નિંગ વેલ અને લિવિંગ વેલ પર આધારિત આ રોડમેપથી નાગરિકોની જીવન સ્તરને સર્વોત્તમ અને સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવીશું.નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન-GRIT(ગ્રિટ)-ની સ્થાપના કરાશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની નવમી બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની સંપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે ગુજરાત૨૦૪૭ ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે.'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ' એમ બે મુખ્ય પિલ્લર પર આધારિત આ રોડમેપ દ્વારા રાજ્યના લોકોનું જીવન સ્તરને બહેતર અને સર્વોત્તમ બનાવવાનાં અને તેમની સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવવાનાં લક્ષ્યો સાથે રાજ્ય સરકાર આગળ વધવા માંગે છે તેમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સુઆયોજિત અને સુવ્યવસ્થિત રીતે સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન-GRIT(ગ્રિટ)-ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીના વિચાર મંત્ર 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસને આધાર બનાવીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ ગુજરાતે કર્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.તેમણે કહ્યું કે, દેશની જનસંખ્યાના પાંચ ટકા જેટલી વસ્તી ધરાવતા ગુજરાતે ૨૦૨૨-૨૩ ના વર્ષમાં જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, દેશની અર્થવ્યવસ્થામાં પણ ગુજરાત ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનવાની નેમ સાથે આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પી.એમ. ગતિશક્તિ, આરોગ્ય, નારી ગૌરવનીતિ, શ્રીઅન્ન (મિલેટ), પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, એમ.એસ.એમ.ઈ., અમૃત સરોવર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાજ્ય સરકારની વર્તમાન સિદ્ધિઓ અને ભવિષ્યના વિઝન માટે લેવાઈ રહેલા નક્કર આયોજનો-પગલાંઓની વિસ્તૃત ભૂમિકા આ બેઠકમાં આપી હતી.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં આત્મનિર્ભર ભારતથી જ વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત થઈ શકે અને એ માટે આપણે સામુહિક પ્રયાસોથી એવા નિર્ણયો લેવા જોઈએ તથા એવી નીતિઓ બનાવવી જોઈએ જેથી આપણે વિશ્વના સૌથી મોટા મેન્યુફેક્ચરિંગ હબ બની શકીએ.તેમણે એમ પણ કહ્યું કે, આપણા ઉત્પાદનો વૈશ્વિક કક્ષાના હોય અને માત્ર દેશની સપ્લાય ચેઈનનો હિસ્સો ન બની રહે પરંતુ ગ્લોબલ સપ્લાય ચેઈનમાં પણ મહત્વપૂર્ણ ભાગીદારી કરી શકે. વડાપ્રધાનશ્રીએ આપેલા આ વિઝન તેમજ વિકસિત ભારત માટે ગ્રીન ગ્રોથના વિચારને ગુજરાત આગળ ધપાવી રહ્યું છે, તેની વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, જાન્યુઆરી-૨૦૨૪માં યોજાયેલી વાઈબ્રન્ટ સમિટમાં ગુજરાતે સેમિકન્ડકટર સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું કદમ ભર્યું છે તેનો લાભ સમગ્ર દેશ અને વિશ્વને થશે. એટલું જ નહીં, ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકન્ડકટર ચીપનું ઉત્પાદન થશે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત૨૦૪૭ માટે જરૂરી સ્કીલ ઈકોસિસ્ટમને વેગ આપવા સેમિકન્ડકટર્સ, બ્લોકચેઈન અને એ.આઈ. વગેરે જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં આજની યુવા પેઢીને 'મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના'ના માધ્યમથી અત્યારથી જ તાલીમબદ્ધ કરવાના પ્રયાસો પર રાજ્ય સરકારે ફોકસ કર્યું છે.વડાપ્રધાનશ્રીએ આપેલા ગ્રીન ગ્રોથના વિચારને સાકાર કરવાની દિશામાં સોલાર રૂફટોપ સ્કીમનાં વ્યાપક અમલ અને કચ્છમાં નિર્માણાધીન વિશ્વના સૌથી મોટા હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક દ્વારા ગુજરાત તેજ ગતિએ આગળ વધી રહ્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. રાજ્ય સરકારે એગ્રીકલ્ચર અને નોન એગ્રીકલ્ચર એમ બન્ને સેકટરને સમાન મહત્વ આપ્યું છે. પ્રાકૃતિક ખેત ઉત્પાદનો વૈશ્વિક નિકાસની માંગને અનુરૂપ બનાવ્યા છે. રાજ્યમાં ૪૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે તેમાંથી ૯ લાખ જેટલા ખેડૂતો ૭ લાખ એકરથી વધુ જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે અને હવે તેમના વડાપ્રધાન તરીકેના ત્રીજા કાર્યકાળમાં દેશ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે તેમાં વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું વિઝન પ્રેરણાદાયી બનશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# અમરેલીમાં લોકસાહિત્ય સેતુ દ્વારા ગુરૂપૂર્ણિમા ઉજવાઇ

## વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી ઉદયનભાઇ ત્રિવેદી , તબલામાં પીએચડી પ્રાપ્ત કરનારશ્રી મનોજભાઇ રાવલનું ભવ્યાતિભવ્ય સન્માન



અમરેલી,
અમરેલી બાલભવનના પ્રાર્થના ખંડ ની અંદર લોકસાહિત્ય સેતુ ની ૧૧૮મી બેઠક મોટાભાઈ સંવટ ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવે લોકસાહિત્ય સેતુ ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ જોશી એ પોતાની આગવી શૈલીમાં પધારેલા સૌનું હાર્દિક આવકાર આપ્યો લોકસાહિત્ય સેતુ ના સદસ્ય અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના નિવૃત્તતા પ્રાધ્યાપક સંતવાણી ના સાધક શ્રી ભરતભાઈ અગ્રાવતે સંતવાણી ના બે ભજનો રજૂ કરી એક વાતાવરણ નિર્માણ કર્યું આયોજન મુજબ અમરેલીમાં પરશુરામ ધામ નું કરનાર પ્રસિદ્ધ અને વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી ઉદયનભાઈ ત્રિવેદી નું ડોક્ટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ વતી પ્રમુખ શ્રી મોટાભાઈ સંવટ ,મુકુંદભાઈ મહેતા, કનુભાઈ સેન્જલિયા એ શાલ પુસ્તકો રક્ષાપોટલી ,લોક સાહિત્ય સેતુ વતી શ્રી મહેન્દ્રભાઈ જોષી, ગોવિંદભાઈ ગોંડલીયા, શ્રી હસુભાઈ જોષી, મહેન્દ્રભાઈ શુક્લ, એ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ ઈતેશભાઈ મહેતા, અમરેલી પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડ ,દિલીપસિંહ પરમાર હસો દાદા જોશી ને ક્યાં જિલ્લા સયોજક ગૌ સેવા અમરેલી, મહાદેવ ઠાકર સયોજક મિડિયા સયોજક ના વરદ હસ્તે બંને મહાનુભાવો નું ભવ્યાતિભવ્ય સન્માન કર્યું. હસુભાઈ જોષીને ત્યાં શુભ પ્રસંગે જે કલાકારોએ કલ પ્રસ્તુત કરેલી તેને હસો દાદા તરફથી ખુશી ભેટ અર્પણ કરી ગુરુ વંદના સર્વશ્રી પ્રિયંકા જાદવ, વનકસી રાઠોડ, રમેશભાઈ જાદવ ,ચંદ્રકાંતભાઈ બારોટ, ભરતભાઈ અગ્રાવત, જિલબેન જોશી કર્ણપ્રિય અવાજમાં લોકસાહિત્યમાં ગુરુ વંદના વિસ્તૃત રીતે કરી. આજની બેઠકમાં મુકુંદભાઈ મહેતા, શીતલબેન મહેતા ,ધર્મેન્દ્રભાઈ જોશી ,તૃપ્તિબેન જોશી, માલતીબેન પંડ્યા,સમેત વિશાળ સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહી મોજ માણી. અનિવાર્ય સંજોગોમાં ઉપસ્થિત નહીં રહી શકનાર સર્વશ્રી પંકજભાઈ જોશી સુરાણી તરુંબેન, નારણભાઈ ડોબરીયા તરફે આવેલા શુભેચ્છા સંદેશાઓ નું વાંચન થયું પુસ્તક પરબ ના પ્રણેતા સ્વર્ગસ્થ પ્રતાપ દાદા પંડ્યા ના અમેરિકાસ્થિત સુપુત્રી મનિષાબેન પંડયા ના રૂડા સૌજન્ય થી અદકેરી બેઠક સંપન્ન થઈ. સન્માનના પ્રતિભાવમાં ઉદયનભાઈ ત્રિવેદી તથા મનોજભાઈ રાવળ લોકસાહિત્ય સેતુ ની આવી સુંદર પ્રવૃતિ બદલ ખુશી વ્યક્ત કરી પાઠવ્યા બાલ ભવન ના ચેરમેન શ્રી હેમેન્દ્ર ભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી શ્રી જવાહરભાઈ મહેતા, નિયામક શ્રી દિનેશભાઈ ,વગેરે આનંદ વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી કાર્યક્રમને અંતે શ્રી મહેન્દ્રભાઈ જોશી એ પોતાની શૈલીમાં આભાર દર્શન કર્યું

# અમરેલી જીલ્લા કોંગ્રેસના માઇનોરીટી ચેરમેન તરીકે જમાલભાઇ સરવૈયાની નિમણુક કરાઇ

## બગસરા શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા વરણીને આવકારી



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)
બગસરા નગર પાલિકા વિરોધ પક્ષ નેતા અને બગસરા મુસ્લિમ સમાજ ના અગ્રણી જમાલ સરવૈયા ની અમરેલી જિલ્લા માઈનોરિટી ડિપાર્ટમેન્ટ ના ચેરમેન પદે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ ના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા નિમણુક કરવામાં આવતા બગસરા શહેર કોંગ્રેસ અને તાલુકા કોંગ્રેસ દ્વારા નિમણુક ને આવકારી હતી તેમ બગસરા શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ હુસેન હૈદ્રા એ જણાવ્યું હતું

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૪૪ થી ૧૫૫૩ મગફળી ૧૦૪૮ થી ૧૨૫૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૭૦-૧૧૯૭
શિંગમોટી-૧૦૪૮-૧૨૫૦
મગ-૧૪૦૫-૧૬૩૯
તલસફેદ-૧૧૭૫-૨૭૩૨
તલકાળા-૩૨૦૦-૩૫૭૦
એરંડા-૧૦૧૫-૧૧૦૦
ઘઉંટુકડા-૪૭૧-૫૯૫
ઘઉંલોકવન-૪૮૨-૫૮૦
રાય-૧૧૨૫-૧૧૪૨
ચણા-૯૦૦-૧૩૧૮
કપાસ-૯૪૪-૧૫૫૩
જુવાર-૪૦૦-૯૧૫
જીરૂ-૪૨૯૦-૪૭૧૫
ધાણા-૧૨૫૫-૧૨૫૫
સોયાબીન-૮૩૦-૮૪૩
મેથી-૮૧૦-૧૧૦૯
રજકાનુંબી-૩૬૦૦-૩૬૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૨૦
રીંગણા-૧૫૦-૨૫૦
ફલાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૫૦૦-૬૦૦
ટમેટાં-૬૦૦-૮૦૦
ફોદીનો-૬૦૦-૭૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૧૫૦-૨૫૦
કાકડી-૩૦૦-૪૦૦
ગુવાર-૧૨૦૦-૧૪૦૦
દુધી-૧૫૦-૨૦૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીડો-૬૦૦-૭૦૦
આદુ-૧૩૦૦-૧૪૦૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૮૦૦-૯૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૧૪૦-૧૬૦
મરચાલીલા-૬૦૦-૭૦૦
લસણસુકું-૨૦૦૦-૩૨૦૦
લીંબુ-૬૦૦-૭૦૦
પાલક-૮૦૦-૯૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૫૧-૪૫૧
જુવાર-૭૮૧-૮૩૦
અડદ-૧૮૬૧-૧૮૬૧
શીંગદાણા-૧૪૪૫-૧૪૪૫
ઘઉંટુકડા-૫૦૦-૫૫૩
તલસફેદ-૨૪૩૦-૨૫૦૧
કપાસ-૧૩૫૦-૧૫૨૧
બાજરો-૪૫૧-૪૫૧
મગ-૧૫૨૫-૧૫૨૫
ચણા-૯૦૧-૯૦૧
સોયાબીન-૮૦૧-૮૨૬

**મહુવાયાર્ડ**
ઘઉં-
ડુંગળીલાલ-
મગ-
તલસફેદ-
જીરૂ-
અજમા-
ચણા-
નાળીયેર-
એરંડા-
બાજરી-
જુવાર-

**બાબરા**
કપાસ-૧૩૧૮-૧૫૫૨
ઘઉં-૪૯૯-૫૦૧
તલસફેદ-
જીરૂ-૪૬૪૦-૪૭૦૦
મગફળી-૧૦૯૫-૧૧૨૫
બાજરો-

**ધારી**
કપાસ-
ધાણા-
મગફળી-૧૦૯૯-૧૦૯૯
બાજરો-
શીંગફાડા-૧૩૩૭-૧૩૩૭
મેથી-
ચણા-
તુવેર-
ઘઉં-
સોયાબીન-૮૨૬-૮૨૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૦૦-૧૨૫૨
શીંગદાણા--૧૭૮૦
જીરૂ-૪૭૦૦-૪૮૦૦
તલસફેદ-૨૦૦૦-૨૫૭૬
કપાસ-૧૧૦૦-૧૫૧૩
ઘઉંલોકવન-૪૬૬-૫૬૮
મગ-૧૧૫૧-૧૬૦૦
ઘઉંટુકડા-૫૦૦-૫૫૦
ચણા-૯૫૦-૧૨૧૫
તુવેર-૧૬૦૦
સોયાબીન-
બાજરો-૩૮૫-૫૦૧
જુવાર-૩૬૦-૮૦૦

**ખાંભા**
કપાસ-
જુવારપીળી-
ચણા-
ઘઉં-
ધાણા-
શીંગદાણા-
મગફળી-

**બગસરા**
કપાસ-૧૦૨૫-૧૪૪૦

મેથી-
ચણા-૧૨૦૦-૧૨૪૦
શીંગફાડા-
શીંગદાણા-૧૨૪૦-૧૫૯૫
ઘઉંટુકડા-૪૮૨-૫૬૦
ઘઉંલોકવન-૪૬૪-૫૩૩
બાજરો-૩૯૦-૩૯૦
તલસફેદ-૨૫૪૦-૨૫૪૦
મગ-૧૪૦૦-૧૬૨૩
સોયાબીન-
તુવેર-
અડદ-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૬૦૦-૧૯૦૦
મુસંબી-૭૦૦-૧૦૦૦
સંતરા-૧૮૦૦-૨૨૦૦
કીવી-૪૭૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૮૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
ખારેક-૨૦૦-૧૦૦૦
કેળા-૩૦૦-૪૩૦
પોપૈયા-૬૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૮૦૦-૩૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૨૯.૪
ન્યુનતમ તાપમાન ૨૬.૨
ભેજનું પ્રમાણ ૮૭
પવનની ગતિ સરેરાશ ૯.૪



# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૨૮.૭.૨૦૨૪ રવિવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ વદ આઠમ, અશ્વિની નક્ષત્ર , શૂલ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો,થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે,ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.

તાલુકાના ધાર્મિક સ્થળોને જોડતા

# સાવરકુંડલા તાલુકાના નોન પ્લાન રસ્તા મંજુર કરો : શ્રી તળાવીયા

## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને પત્ર પાઠવી ધગધગતી રજુઆત કરી : તત્કાલ નોન પ્લાનના રસ્તાઓની મંજુર આપો



સાવરકુંડલા,ગુજરાત રાજયમાં અત્યારે અનેક ગામડાઓ ફક્ત એક જ રસ્તાથી જોડાયેલા છે. કેટલાક ગામડાઓ ફક્ત એપ્રોચથી જોડાયેલા છે આ તમામ ગામડાઓને નોન પ્લાન રસ્તાઓ છે. નોનપ્લાન રસ્તા સરકાર શ્રી મહદંશે મંજૂર કરે છે. જેથી લોકોનો સમય, શક્તિ, અને નાણાનો દુવ્યર્ય થાય છે.આવા સાવરકુંડલા તાલુકામાં અનેક રસ્તાઓ છે જે ઓછા બજેટમાંથઈ શકેતેમછેઅનેલોકોનોસમય, શક્તિ અને નાણાનો દુવ્યર્ય અટકે એટલા માટે સરકારે મંજૂર કરવા જરૂરી છે. રસ્તા સાવરકુંડલાતાલુકાનાધાર્મિકસ્થળોનેજોડતા અને લોક ઉપયોગી છે. (૧) વિજપડી - વનાળા હનુમાન મંદિર (૨) નવાગામ - ડેડકડા હનુ માન મંદિર (૩) વાંશીયાળી - ઈશ્વરિયા હનુમાન મંદિર ભોકરવા (૪) પીઠવડી સેંજળ ( ધ્યાનસ્વામિ સમાધિ) મેવાસા (૫) વંડા - ગોપાલગ્રામ - લટુરિયા હનુમાન મંદિર(૬) પિયાવા- હઠીલાવાવ વારાહી માતાજીનું (૭) વંડા - આંકોલડા ખોડિયાર માતાજીનું મંદિરઉપરોક્ત રસ્તા માટેસરકારશ્રીમાવારંવારરજૂઆતકરવામાં આવેલછે.આતમામરસ્તાઓટૂંકાબજેટથી થઈ શકેતેમછે.આરસ્તાઓલોકઉપયોગી, લોકોમાટેફરવા માટેના સ્થળોઅનેધાર્મિક જગ્યાઓઉપરલોકોનીવર્ષોથીઅવરજવર છે. તો સરકારશ્રીએ આ રસ્તા મંજૂર કરવા સાવરકુડલા ભારતીય જનતા પાર્ટીના સિનિયર કાર્યકતા શ્રી મનજીભાઈ તળાવિયાએ સરકારશ્રીને રજૂઆત કરેલ છે.

શહેરના રાજકમલ ચોકમાં ઘટના બનેલી તે

# અમરેલીમાં ફાયરિંગ અને જાનથી મારી નાખવાના ચકચારી કેસમાં આરોપીઓને છોડી મુકવા હુકમ કરતી સેશન્સ કોર્ટ

## એડવોકેટ શ્રી અંજય પંડયાની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખતી સેશન્સ કોર્ટ



અમરેલી,

સને ૨૦૨૧ માં ફરિયાદી બીપીનભાઈ ની રાજકમલ ચોક પાસે આવેલ તેની દુકાને તેઓ હોય ત્યારે અગાઉ બસ માં થયેલ માથા કૂટ નો રાગદ્વેષ રાખી આરોપીઓ રઘુભાઈ ધાંધલ રાજભા અને દેવાંગ ભાઈ તેની દુકાને આવી જાહેર માં ફરિયાદી ને મારી નાખવા ના ઈરાદે બે રાઉન્ડ ફાયરિંગ કરી ફરિયાદીને લોખંડ ના પાટા વડે માર માર્યા ની વિગત વાર ની ફરિયાદ ફરિયાદી એ સિટી સ્ટેશનમાં માં આપેલ હોય જે કેસ માં ચાર્જશીટ દાખલ થતા આ કેસ નામદાર સેશન્સ કોર્ટ માં ચાલી જતા નામદાર સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓ વિરૂદ્ધ પુરાવા અને વિદ્વાન વકીલ શ્રી અજયપંડ્યા ની દલીલો ને ગ્રાહ રાખી ગુન્હો સાબિત થતો ન હોય આરોપીઓ ને છોડી મુકવા નો હુકમ કરેલ છે આ માં વિદ્વાન વકીલ શ્રી અજય પંડ્યા આરોપીઓ તરફે રોકાયેલ હતા.

વાહક જન્ય રોગો તેમજ ચાંદીપુરા વાયરસ અંગે

# લીલીયાના ગોઢાવદરમાં તકેદારીના ભાગરૂપે દવાનો છંટકાવ કરાયો

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા અપાયેલી સેવા



ગોઢાવદર,(ભરત વિઝુંડા) -સમગ્ર ગુજરાત રાજ્યમાં ચાંદીપુરા વાયરસ એ ભારે કહેર મચાવ્યો છે અને સરકાર દ્વારા તેની સામે અગમચેતીના ભાગરૂપે પગલા લેવામાં આવી રહ્યા છે એના અનુસંધાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચ તળેના ગોઢાવદર ગામ ખાતે આંગણવાડી પ્રાથમિક શાળા તેમજ કાચા મકાનમાં મેલેથીઓન પાવડર નો છંટકાવ કરવામાં આવ્યો હતો સાથે વાહક જન્ય રોગો જેવા કે મેલેરીયા ડેન્ગ્યુ ચિકનગુનિયા ના અટકાયત માટે ખાડા ખાબોચિયા માં ડાયફ્યુરો બેન્ઝ્યુરોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો તેમજ પોરાનાશક કામગીરી કરવામાં આવેલ સાથે સાથે પાણીજન્ય રોગો જેવા કે ઝાડા, ઝાડા-ઉલ્ટી, કોલેરા,મરડો,ટાઈફોડ જેવા રોગો અટકાવવા માટે પીવાના પાણીનું કલોરીનેશન કરવામાં આવ્યું. તેમજ ગ્રામજનો ને આ વાહકજન્ય રોગો અટકાવવા માટે આરોગ્ય શિક્ષણ જેમ કે પુરુ શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા, સવાર સાંજ લીમડાના પાનનો ધુમાડો કરવો, ઘરની અંદરના તમામ પાણી ના પાત્રો ઢાંકીને રાખવા તેમજ તાવ આવે તો તુરંત સારવાર લેવી જેવું માર્ગદર્શન આપવામાં આવેલ આ તમામ કામગીરી માં તાલુકા આરોગ્ય અધિકારી ડો. એમ.એ સિદ્ધપુરા ના માર્ગદર્શન તળે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાકચના મેડિકલ ઓફિસર ડો. જયવાઘેલા તથા . શ્રી બિપીનભાઈ કંડોળીયા , શ્રી એન. આર. વેકરીયા તેમજ એમ.પી.એચ. ડબલ્યુ. ભાર્ગવભાઈ ત્રિવેદી ફિમેલ હેલ્થ વર્કર દર્શનાબેન રાઠોડ ,ભરત વિંઝુડા તેમજ આશા ફેસીલીટર હીનાબેન સોળીયા એ ભારે જહેમત ઉઠાવે.

# અમરેલીના સારહિ તપોવનમાં તપસ્વીઓને ભોજન કરાવ્યું

## શ્રી દિલીપસિંહ પરમાર પરિવાર દ્વારા આયોજન



અમરેલી,સેવાને સરનામે –ઉમળકા સાથે તા.૨૬-૦૭-૨૦૨૪ નાં રોજ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓ ની સાથે રહીને ભોજન પ્રસાદ લઈને છૂટા પડેલ આ અવસરે સારહી પરીવારના શ્રી દીલીપસિંહ પરમાર સહ પરીવાર ઉપસ્થિત રહેલ.સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાંઆવેલ.

ચાંદીપુરા વાયરસ ન ફેલાય તે ધ્યાને રાખીને

# મોટાઝિંઝુડામાં ચાંદીપુરા વાયરસ અંતર્ગત મેલેથીઓન પાવડરનો છંટકાવ કરાયો

## સરપંચશ્રી પંકજભાઇ ઉનાવા સહિતની ઉપસ્થિતિ



અમરેલી,સાવરકુંડલા તાલુકાનાં મોટાઝીંઝુડા ગામમાં સરપંચશ્રી પંકજભાઈ ઉનાવાની હાજરીમાં ચાંદીપુરા વાયરસ અંતર્ગત મેલેથીઓન પાવડરનો છટકાવ કરવામાં આવ્યો, જેમાં ગામની સ્કૂલ, આંગણવાડી અને કાચા માટીના લિપણની દિવાલમાં અને ઘરોમાં ચાંદીપુરા વાઈરસથી થતી બિમારીના અટકાવ માટે મેલેથીયોનનો છટકાવ કરેલ છે. તેમજ ચોમાસાની તુ દરમિયાન પાણીજન્ય રોગચાળો ન થાય તે માટે ગામના કુવામાં નિયમિત ક્લોરીનેશન કરવામાં આવેછે. આ કામગીરીમાં તાલુકા હેલ્થ ઓફિસર શ્રી મીનાતથા મેડિકલ ઓફિસરશ્રી સિધ્ધાર્થ તથા મેડિકલ ઓફિસરશ્રી પારઘી તથા સુપરવાઈઝર શ્રી મુકુંદભાઈના માર્ગદર્શન નીચે આરોગ્ય કર્મચારી નિતિનભાઈ વિંઝુડા દ્વારા આ આરોગ્ય વિષયક કામગીરી કરવામાં આવેલ છે. સરપંચ પંકજ ઉનાવા દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો આભાર વ્યક્ત કરવામાં આવ્યોહતો.

સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# ગુજરાત રાજયમાં પોણા બે લાખ ગેસ કનેકશનોનો ૭ મહિનામાં વધારો

## ૨૦૨૩માં ૩૦.૭૮ લાખ હતાં તે ૩૨.૫૩ લાખ થયાં

ગાંધીનગર,

વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાર્થક કરવાની દિશામાં, ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ દ્વારા આર્થિક વિકાસ તરફ રાજ્ય અગ્રેસર છે. આ વિઝનને આગળ લઈ જવામાં, નેચરલ ગેસના બહોળા ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને ગુજરાતના ઘરોમાં પાઈપ્ડ નેચરલ ગેસ કનેક્શનની (PNG) સંખ્યા ઝડપથી વધી રહી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાઁ શ્ય કનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે. જુલાઈ ૩૧, ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ડોમેસ્ટિક PNG કનેક્શનની સંખ્યા ૩,૦૭૮,૧૬૨ હતી જે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪માં ૩,૨૫૩,૧૭૫ સુધી પહોંચી ગઈ છે. આ સાત મહિનામાં ૫.૬%ના વધારા સાથે કુલ ૧૭૫,૦૧૩ કનેક્શનનો વધારો થયો છે, જે ઘરગથ્થુ વપરાશમાં એક નોંધપાત્ર પ્રગતિ છે. વ્યવસાયિક અને ઔદ્યોગિક PNG કનેક્શનમાં ગુજરાત દેશમાં ટોપ પર વ્યવસાયિક તેમજ ઔદ્યોગિક PNG કનેક્શનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર છે. ગુજરાતમાં અત્યારે ૨૩,૪૪૫ વ્યવસાયિક તેમજ ૫૭૮૬ ઔદ્યોગિક PNG કનેક્શન છે. આ સંખ્યા બાકીના રાજ્યો કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

ઔદ્યોગિક PNG કનેક્શન (ટોપ પાંચ રાજ્ય)

ગુજરાતઃ ૫,૭૮૬, ઉત્તરપ્રદેશઃ ૩,૨૭૦, હરિયાણાઃ ૨,૨૫૯, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી (યુ.ટી): ૧,૯૧૦, રાજસ્થાનઃ ૧,૬૯૧

વ્યવસાયિક PNG કનેક્શન (ટોપ પાંચ રાજ્ય)

ગુજરાતઃ ૨૩,૪૪૫, મહારાષ્ટ્રઃ ૪,૮૧૭, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી (યુ.ટી): ૩,૯૬૫, ઉત્તરપ્રદેશઃ ૨,૬૪૪, આસામઃ ૧,૩૯૧

આ ઉપલબ્ધિ અંગે ગુજરાત રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીજીએ જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું ત્યારે તેમણે ગુજરાતના વિકાસ માટે અનેકવિદ પ્રયાસો શરૂ કર્યા હતા. તેમાં ખાસ કરીને ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ તેમણે સૌપ્રથમ ગુજરાતમાં શરૂ કર્યું અને સાથે ગુજરાતને સોલાર પોલિસીની ભેટ આપી. આ તમામ પ્રયત્નો પર્યાવરણની રક્ષા કરવા માટેના હતા. આજે આપણા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ એ પ્રયાસોને આગળ વધારી રહ્યા છે. ખાસ એક વાતની નોંધ આપણે લેવી જોઈએ કે છેલ્લા સાત મહિનામાં ગુજરાતના ઘરોમાં ઁશ્ય કનેક્શનની સંખ્યામાં પોણા બે લાખનો વધારો થયો છે. વ્યવસાયિક અને ઔદ્યોગિક ગેસ કનેક્શનની સંખ્યામાં પણ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે. આ નોંધપાત્ર પ્રગતિ છે અને વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૭૦ સુધી કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ગુજરાત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં સુંદર રીતે પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં PNG નેટવર્ક આજે ગુજરાતના તમામ જિલ્લાઓમાઁ શ્ય નેટવર્ક પહોંચાડવામાં સફળતા મળી છે. ગુજરાત સરકારના જાહેર ક્ષેત્રના એકમ ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન(GSPC) હસ્તકની ગુજરાતની અગ્રણી કંપની ગુજરાત ગેસ લિમિટેડના (ય્ન્) પાઈપલાઈન નેટવર્કમાં છેલ્લા દસ વર્ષમાં ૧૫૮ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪ના માર્ચ મહિનામાં GGLનું નેટવર્ક ૧૩,૫૧૭ કિલોમીટર હતું જે માર્ચ ૨૦૨૪ સુધી વધીને ૩૪,૮૩૨ કિલોમીટર સુધી પહોંચ્યું છે.

# અકુમ્સ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો આઈપીઓ ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે

## ઇન્વેસ્ટર બિડ/ઓફર સોમવારે, ૨૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને બંધ થશે




અમદાવાદ, (રાજેશ મહેતા)

અકુમ્સ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ ('AKUMS' અથવા 'The Company') મંગળવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ માટે ('ઓફર') બિડ/ઓફર કરવા માટેના સમયગાળાનો પ્રારંભ કરશે. આ ઓફરમાં કંપની દ્વારા રૂ. ૬,૮૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સની (પ્રત્યેક રૂ. ૨ની ફેસ વેલ્યુના) એટલાની જ સંખ્યાના ફ્રેશ ઈશ્યૂ ('ફ્રેશ ઈશ્યૂ') તથા કંપની દ્વારા કેટલાક હાલના શેરધારકો (સેલિંગ શેરધારકો') દ્વારા ૧૭,૩૩૦,૪૩૫ ઈક્વિટી શેર્સ સુધીના વેચાણ માટેની ઓફર ('ઓફર કરેલા શેર્સ')નો સમાવેશ થાય છે. રૂબી ક્યુસીને એશિયામાં એક અગ્રણી હેલ્થકેર કેન્દ્રિત ખાનગી ઈક્વિટી ફંડ ક્વાડ્રિયા કેપિટલનું સમર્થન છે. આ ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સસ્ક્રીપ્શન માટે રૂ. ૧૫૦.૦૦ મિલિયન (રૂ. ૧૫.૦૦ કરોડ) સુધીના ઈક્વિટી શેર્સની સંખ્યા સુધીના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. ('એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન'). એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સોમવાર, ૨૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને તે દિવસે બંધ થશે. બિડ/ઓફર સસ્ક્રીપ્શન માટેના સમયગાળા હેઠળ મંગળવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને ગુરુવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બંધ થશે ('બિડ વિગતો'). ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. ૬૪૬થી રૂ. ૬૭૯ પ્રતિ ઈક્વિટી શેર ('પ્રાઈસ બેન્ડ') નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૨૨ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે તેમાં સબસ્ક્રાઈબ ન થયેલા પોર્શનના કિસ્સામાં નોન-ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સની અન્ય સબ કેટેગરીમાં અરજીકર્તાને ફાળવી શકાશે આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને એમ્બિટ પ્રાઈવેટ લિમિટેડ આ ઓફર માટે બુક રનિંગ લીડ મેનેજર (બીઆરએલએમ') .અહીં વપરાતા પરંતુ વ્યાખ્યાયિત ન કરાયેલા તમામ કેપિટલાઈઝ્ડ શબ્દોનો અર્થ આરએચપીમાં દર્શાવવામાં આવ્યા મુજબનો અર્થ થશે.

# લીલીયામાં ઈલેવન નીચે એન્ટીલાઈન ભેગી થતા કેબલ વાયર નાખી લાયન ફોલ્ટ હલ કરવા માંગ

## લીલીયા તાલુકા ડાયમંડ એસોસીએશન દ્વારા સાંસદશ્રી સુતરીયાને રજુઆત

લીલીયા(મહેશ દવે)

લીલીયામાં નાના મોટા ૭૦ જેટલા હીરાના કારખાના ચાલે છે. જેમાં ૩૦૦૦ કારીગરો પોતાની રોજી મેળવે છે. લીલીયામાં વધારે કારખાના શુ કામ ચાલે છે ત્યાં સીટીફીડર પાવરની જોગવાઈ છે એટલે પણ લીલીયામાં અવાર નવાર પાવર બંધ કરવો પડે છે. તેનું કારણ એ છે કે ઈલેવન લાઈન નીચે એલટી લાઈ છે. આવું કયાંય હોતું નથી પણ લીલીયામાં છે. નીચે લાઈન રીપેર કરે તો ઉપરની ઈલેવન લાઈન હોય તો કંરન્ટ લાગવાની બીક લાગે એટલે આખું સીટી બંધ કરવું પડે. નહીતર જે ટીસી ફોલ્ટ હોય એ જ ટીસી બંધ થાય. આખું સીટી બંધ કરવું ના પડે આ અંગે કાર્યપાલક ઈજનેરને જાણ કરેલ. ૭ મહિના પહેલા લીલીયાના કેબલ વાયર મંજુર થઈ ગયા. કામ ચાલુ થઈ ગયું .લાઠી રોડ ઉપરથી પટેલ વાડી સુધી વાયર ઉતારી લીધા. આખી રાત વાયર ઉતાર્યા અને સવારે ફરીવાર ફીટ કરી દીધા. ગામને એમ થયું કે ઈલેવન નીચે કેબલ કવર આવે તો સીટી ફીડર બંધ ન કરવું પડે અનેકવાર ટેલીફોન જાણ કાર્યપાલક ઈજનેર અમરેલીને કરી અમારા કેબલનું કામ કેમ બંધ રાખ્યું .નાયબ ઈજનેર લીલીયાને ટેલીફોનીક , લેખિત તેમજ રૂબરૂ વાત કરીછે. આખા ગામની મંજુરી મળ્યા પછી ૭ મહિના જેવો સમય થઈ ગયો. લીલીયાના રત્ન કલાકારો પાવર બાબતે હેરાન થઈ રહયા છે. અને કારીગરોની રોજીનો સવાલ થાય છે. માટે તમે કેબલ ફીટ કરી દયો અથવા એલટી અને ઈલેવન જુદી કરી દો. જે આજદીન સુધી કંઈ થયું નથી. બીજા ફીડરને હિસાબે લીલીયાસીટીમાં ટ્રીપીગ આવે તો વધીને ૨ મીનીટમાં ચાલુ કરી દેવું જોઈએ. તેના બદલે ૮ થી ૧૦ મીનીટનો સમય લેશે. અને ૬૬ કેવી ઉપર જેવો કર્મચારી તે પ્રમાણે ચાલુ થાય છે. લીલીયામાં કોઈ ટીસી બળે અને તે બદલવું પડે તો હીરાના કારખાના દોઢથી બે કલાક બંધ રહે છે. જેથી ટીસી બદલવાનો સમય બપોરના ૧૨ થી ૨ અને સાંજના ૫ થી ૭ ટીસી બદલવું અને ટીસી બદલવાનું થાય ત્યારે હીરા ઉધોગના પ્રમુખને જાણ કરવી કે પાવર બંધ થાય છે. લીલીયામાં કાયમ માટે બે હેલ્પર સ્પેશ્યલ મુકવા જોઈએ. કારણ કે સીટી ફીડર છે. હેલ્પર ગામડામાં રીપેરીંગ કરતા હોય. અને લીલીયા સીટીમાં પાવર બંધ થાય તો તેમને ગામડેથી બોલાવવામાં આવે છે. જેથી ઘણો સમય લાગી જાય છે. ઉપરોકત પ્રશ્ને લીલીયા તાલુકા ડાયમંડ એસોસીએશન દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયાને રજુઆત કરી તેની નકલ ધારાસભ્ય કાર્યપાલક ઈજનેર, નાયબ ઈજનેર સહિતને મોકલી આપેલ છે.

# લાઠીના હિરાણામાં ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવાયું



બગસરા,(રૂપેશ રૂપારેલિયા)લાઠી તાલુકા ના હીરાણા ગામે આવેલ રોકડીયા હનુમાનજી મંદિરે પ.પૂ.શ્રી છોટે મોરારિબાપુ ના સાનિધ્ય માં ગુરુપૂર્ણિમા ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં ૧૦૦૦થી વધુ ગુરુ મુખી શિષ્યો દ્વારા ગુરુજી નું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું તેમજ હનુમાનજી ને થાળ ધરાવવામાં આવ્યો હતો જેમાં સમગ્ર ગામે પ્રસાદ લીધો હતો તેમજ રાત્રિ ના ભજન સંધ્યા અને સંતવાણી નો ભવ્ય કાર્યક્રમ કરવામાંઆવેલ

# બગસરામાં રક્તદાન કેમ્પ યોજાયો

## માનવસેવા ગૃપ દ્વારા કેમ્પનું આયોજન



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા શિવ બાબા માનવસેવા ગ્રુપ બગસરા દ્વારા આયોજિત તારીખ ૭/૭/૨૦૨૪ ને રવિવારના રોજ સાંકેતવાસી હરિલાલ પ્રેમ શંકરભાઈ વ્યાસ મામાના સ્મરણાંથે શ્રી વિમલબેન હરિલાલ વ્યાસ શીતલ આઈસ્ક્રીમ વાળા પરિવારના આર્થિક સહયોગથી ભવ્ય રક્તદાન કેમ્પ યોજાઈ ગયો ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમરેલીના સહકારથી યોજાયેલ આ કેમ્પમાં ૭૯ વ્યક્તિએ રક્તદાન કરી અનેક લોકોની મહામૂલી જિંદગી બચાવવામાં અનેરૂ યોગદાન આપેલ હતું આ કેમ્પનું ઉદઘાટન બગસરા ની નામાંકિત વ્યક્તિઓએ કરી કેમ્પની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી તેમ કેમ્પ કોર્ડીનેટર શ્રી પંકજભાઈ ગાંગડીયા ની અખબારી યાદીમાં જણાવેલ છે

# ઉનાના દુધેશ્વર પરામાં ગંદકીના ગંજ

ઉના,ઉના દૂધેશ્વર પરા નદીના સામા કાઠે રેહણાક વિસ્તારમાં વચ્ચે વચ ગંદકીના થર જામેલા હોય નાના બાળકો ને ચાંદીપરા નો રોગચાળો ફેલાતો હોય ના વાયરસથી ભય હોય લોકો બીમાર પડી રહ્યા છે નગરપાલિકામાં અરજી આપેલ હોવા છતાં સાફ-સફાઈ થતી નથી ને આ ઉકેડો વેલાસર સાફ કરી અને આજુબાજુ ને ગંદકી નો કરે તેવી સૂચના આપી સફાઈ કરી દવાનો છંટકાવ કરવા લોકોની માંગણી ઉઠી છે.

# ઉનાની બજારો દિવસેને દિવસે સાંકડી બની રહી છે

ઁઉના,

ઊના ટાવર ચોકથી મુખ્ય બજારમાં પ્રવેશતો રોડ રસ્તા ઉપર રેકડી રાજ આ બજારમાંથી પેલા પોલીસની જીપ પસાર થતી હવે ટુ વ્હીલર લઈને જવું બન્યું મુશ્કેલ. પોલિસ આ અંગે મુંક બનીને જોઈ રહી છે તેમજ ટાવર ચોકથી પોસ્ટ ઓફિસ ચોક માં વાહનો પાર્ક કરવાની પણ જગ્યા નહિ. મનફાવે મોટી દુકાનોની આગળ રેકડી વાળાનો દબદબો. સોની બજારોમાં ઓટલાઓ ૨ થી ત્રણ ફૂટ આગળ લાવીને લોકોએ રસ્તો સાંકડો બનાવ્યો જ્યારે ત્યાંથી આગળ મિલન કોમ્પલેક્ષ અને ગની બજારમાં ફ્રૂટ અને શાકભાજી વેચનાર રેકડીવાલા નો જ ત્રાસ... જિલ્લા કલેક્ટર દ્વારા આ મુખ્ય બજારની પણ પેશકદમી દૂર થાય અને આ રેકડી રાજ દૂર કરવા પોલીસ પોતાની કામગીરી કરે તેવી લોકમાંગ ઉઠી...

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર સોમનાથમાં એસઓજી દ્વારા હોટલો, ધાબાઓનું ચેકિંગ

## ઓન લાઇન એન્ટ્રી નહીં કરતાં ગીર સોમનાથ એસઓજી દ્વારા કાર્યવાહી કરાઇ



ગીર સોમનાથ,

આગામી તા.૦૫/૦૮/૨૦૨૪ થી તા.૦૩/૦૯/૨૦૨૪ સુધી શ્રાવણ માસની ઉજવણી થનાર હોય જેથી ગીર સોમનાથ એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ.શ્રી જે.એન.ગઢવી સા. તથા ઈ.ચા. પોલીસ ઈન્સ. એ.બી. જાડેજા પો.સબ.ઈન્સ.પી.જે. બાટવા સા. ના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ. મેરામણભાઈ શામળા તથા પો.કોન્સ.રણજીતસિંહ ચાવડા તથા મહાવીરસિંહ જાડેજા એ રીતેના પોલીસ સ્ટાફ પ્રભાસ પાટણ પો.સ્ટે. વિસ્તારમા હોટલ/ગેસ્ટહાઉસ ચેકીંગની કામગીરીમાં હતા તે દરમ્યાન નીચે જણાવેલ વિગત મુજબના હોટલ સંચાલકે પોતાની નંદનવન ગેસ્ટ હાઉસમાં રહેવા માટે આવતા વ્યકિતઓની પથીક સોફટવેરમાં એન્ટ્રીઓ કર્યા રૂમ રહેવા માટે આપેલ હોય તેમના વિરૂધ્ધ પ્રભાસ પાટણ પો.સ્ટે. જી.પી.એકટ ક.૧૩૧ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ અને કલેમટરશ્રી ગીર સોમનાથનું જાહેરનામું અમલમાં હોય જે જાહેરનામાની તમામા હોટલ, ગેસ્ટ હાઉસના માલીક/સંચાલકોએ ચુસ્તપણે પાલન કરવા આહવાન કરવામાં આવે હોટલ સંચાલક / મેનેજરનુંનામ જીતેન્દ્રભાઈ મનસુખભાઈ ગઢીયા જાતે- કોળી ઉવ-૨૯ ધંધો- ગેસ્ટ હાઉસનો રહે- પ્ર.પાટણ કોળીવાડા તા-વેરાવળ જી. ગીર સોમનાથ મો.નં. ૭૦૧૬૩૯૭૦૬૮

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

ભારે વરસાદ અસરગ્રસ્ત

# જુનાગઢ જિલ્લાના ગ્રામ્ય પ્રશ્નોનું નિરાકરણ કરાશે

## રાજયના કૃષિ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે લોક પ્રશ્નો સાંભળ્યા

જૂનાગઢ,

ભારે વરસાદને લીધે જૂનાગઢ જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત રાજ્યના કૃષિ અને જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે લીધી હતી. જિલ્લાના વંથલી તાલુકાના આખા-ટીકર ગામને જોડતા માર્ગે આખા, સેંદરડા, ટીકર અને કેશોદના માણેકવાડાના માલબાપાના મંદિર ખાતે મધરવાડા, ચિત્રી, ડેરવાણ સહિતના ગ્રામ અગ્રણીશ્રીઓને મળી તેની રુબરુ રજૂઆતો સાંભળી હતી. ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિને લગતા પ્રશ્નોની રજૂઆતોનો પ્રત્યુત્તર આપતા કૃષિ મંત્રીશ્રીએ કહ્યુ કે, રાજ્ય સરકાર અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્તોની રજૂઆતોનું યોગ્ય નિરાકરણ કરવામાં આવશે. ખેતરમાં ઉભા હતા તે પાકને થયેલી નુકસાની, ખેતરનું ધોવાણ, ભારે વરસાદથી પ્રભાવિત થયેલા માર્ગોની મરામત વગેરે પ્રશ્નો ઉકેલવા માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ સાથે સંકલન કરવામાં આવશે. વધુમાં રાજ્ય સરકારમાં પણ આ પ્રશ્નોની રજૂઆત કરીને નિરાકરણ કરવામાં આવશે. તેમણે ઘેડ પંથકના લોકોની વ્યથાને વાચા આપતા કહ્યુ કે, આ વિસ્તારના નાગરિકોને ચોમાસામાં વિપરિત પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. આ સમસ્યાઓના ઉકેલ માટે રાજ્ય સરકાર કૃત્ત નિશ્ચયી છે. ઘેડ પંથકમાં પાણી ભરાઈ જવાના પ્રશ્નનું કાયમી નિરાકરણ આવે તે માટે સર્વે સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ તેમના આ પ્રવાસ દરમિયાન માર્ગમાં, આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વિશે વિગતો મેળવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક ખાતે સહકારથી સમૃદ્ધિ સમીક્ષા બેઠક યોજાઈ

ભુજ, 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર'ના ઉદેશ સાથે કચ્છ જિલ્લામાં સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને 'સહકારથી સમૃદ્ધિ' સમીક્ષા બેઠક જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક(ધી કચ્છ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટિવ બેંક) ખાતે યોજવામાં આવી હતી. પાયાના સ્તરે સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવાના હેતુ સાથે યોજાયેલી આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ અને કચ્છ જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના અગ્રણીઓ, પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કચ્છના સહકારી માળખાના થયેલા વિકાસને બિરદાવીને જણાવ્યું હતું કે, દેશના ગામડાઓ સમૃદ્ધ બને એ સંકલ્પ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે લીધો છે. આ સંકલ્પને સાકાર કરવા આઝાદીના ૭૫ વર્ષ બાદ સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી છે. દેશમાં સહકારી માળખું મજબૂત અને પારદર્શક બને તે માટે સહકારિતા મંત્રાલય કામગીરી કરી ચળવળરૂપે કામગીરી કરી રહ્યું છે. સમગ્ર દેશમાં સહકારી માળખાને ડિજિટલ કરવા ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે, પેક્સ મંડળીઓને કમ્પ્યુટરાઈઝ બનાવવામાં આવીછે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૮-૦૭-૨૦૨૪ રવિવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## કોરાના બાદ યુવા અને નાની ઉંમરના મોતના બનાવોમાં સતત થઇ રહેલો ચિંતાજનક વધારો

# રાજુલામાં હાર્ટ એટેકનો હાહાકાર : ચારના મોત

### બ્રહ્મ સમાજ અગ્રણી જટાશંકરદાદા મહેતા નામના આધેડ અને જેઠાભાઇ રાજગોર, કાંતિભાઇ વાટલીયા, શિવાભાઇકુટીપણના હાર્ટએટેકથી મોત

### કોરોનાના વેક્સિંગ બાદ હાર્ટ એટેકના નાની ઉંમરે હુમલા આવતાં હોવાની વ્યાપક ચર્ચા સાથે રાજુલામાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઇ : ભારે કરૂણાંત્કિા



રાજુલા,(કનુભાઈ વરૂ)રાજુલા શહેરમાં આવેલા સરસ્વતી સ્કૂલ બાજુમાં આવેલા બ્રહ્મ સમાજના અગ્રણી એવા જટાશંકર દાદા અકુ દાદા મહેતા મૂળ વતની એવા ઉંમર વર્ષ ૫૦ સવારમાં ઓસીનતા કોઈપણ જાતની બીમારી વિના જ એટેક આવીજતા તાત્કાલિક ઘર પર જ અવસાન થયું હતું સમગ્ર વિસ્તારમાં અને બ્રહ્મ સમાજમાં સારું એવું પ્રભુત્વ ધરાવતા હોવાથી ભારે રોક સવાયો હતો ૪ રાજુલામાં રહેતા અને બ્રહ્મ સમાજના આગેવાન અને તેરીયા ટ્રાવેલર્સ રાજુલાના માલિક એવા જેકાભાઇ કુમાર હરિશંકર ભાઈ રાજગોર પણ ઓચિંતાના એટેક આવી જતા તેનું પણ દુઃખદ અવસાન થયું છે તેઓ પણ કોઈ રાતના બીમાર હતા નહીં જેકાભાઈ બ્રહ્મ સમાજના આગેવાન હતા તેના દુઃખદ સમાચાર છે સમગ્ર વિસ્તારમાં અને બ્રહ્મસભામાં શોકની લાગણી ઉદ્ભવી હતી તેમનું પણ પોતાના ઘરે જ દવાખાને પહોંચે તે પહેલા જ અવસાન થયું હતું આમ બ્રહ્મ સમાજમાં બબ્બે હેટેકના હુમલાથી દુઃખદ અવસાન થતા ભારે શોક જોવા મળે છે રાજુલાના બાવળિયાવાળી વિસ્તારમાં રહેતા ખેડૂત અગ્રણીએ અને સ્ટાઈલનો ધંધો કરતા કાંતિભાઈ વાટલીયા પ્રજાપતિ સમાજના યુવા આગ્રણી હતા અને આજે વહેલી સવારે કાંતિભાઈ વાટલીયા ને એટેકનો હુમલો આવતા તેઓનું દુઃખદ થયેલ છે તેમજ ગોકળો નગરમાં રહેતા અને મૂળ કેરળના રાજુલા ચંદા ગેસ્ટ હાઉસ તથા હિંડોરડા પાસે પંચરનો ધંધો કરતા એવા શીવાભાઈ કુટીપણ એટેકનો ઓશીતાનો હુમલો આવતા દુઃખદ અવસાન થતાં રાજુલા શહેરમાં શોકનો માહોલ છે આમ ચાર ચાર ૫૦ ઉંમરના કોઈપણ ને લખવા એ રોગ નહોય તેવા આચારે કો દવાખાના પહોંચે તે પહેલા પોતાના ઘરે દુઃખદ અવસાન થતાં માત્ર ડોક્ટરને બોલાવવા ખાતર જ બોલાવ્યા હતા અને ડોક્ટરોએ આ એટેકના હુમલા થી મોત થી અવસાન થયું હોવાનું જણાવ્યું હતું રાજુલા શહેરમાં માત્ર એટેકની સરસાઓ ચાલી રહી છે અને લોકો હવે કોરોનાના ટીપા ઈન્જેક્શન લીધા પછી આવા મોત થતાં રહ્યા છે કોરોનાના ઈન્જેક્શન લીધેલા લોકો પણ થોડાક બીમાર પડે કે એટેક માટે ભયભીત થઈ જાય છે સમગ્ર બ્રહ્મ સમાજમાં પ્રજાપતિ સમાજમાં અને રાજુલામાં એકમાત્ર પંચર ની દુકાન હતી તે શીવાભાઈ રાજુલાના લોકપ્રિય હતા સેના દુઃખદ અવસાન થી રાજુલા શહેરમાં આ એટેકના બનાવ થી રાજુલા શહેરમાં એટેકની ચર્ચાઓ ટોપ ધ ટાઉન બનશે અને શહેરમાં શોકનું મોજુ છે રાજુલામાં એટેકના હુમલા થી દુઃખદ અવસાન થતા રાજુલાના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તથા રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ તથા ભાજપના અગ્રણીએ શ્રી રવભાઈ ખુમાણ તથા બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુ દાદા રાજગોર વગેરે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

# રાજુલામાં મશાલ રેલી યોજાઇ

### કારગીલ દિનની પર્વ સંધ્યાએ વિરાંજલીના ભાગે રૂપે આયોજન



રાજુલા,

રાજુલા શહેરમાં કારગીલ વિજય દિવસ પ્રસંગે વીર જવાનોને શહાદતને વિરાંજલીના ભાગરૂપે આજે રાજુલા શહેરના માર્કેટિંગ યાર્ડમાંથી સાંજના મશાલ રેલીનું આયોજન કરવામાં આવેલું જે રાજુલા શહેરના મુખ્ય માર્ગ પર જય જય શ્રી રામ વંદે માતરમ ભારત માતાકી જયના નારા સાથે આ રેલી ને નો માહોલ હોવાથી હવેલી ચોક ખાતે પૂર્ણ કરવામાં આવી અને અમર જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી આ કાર્યક્રમનું આયોજન ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં રાજુલા શહેરના યુવા ભાજપના તમામ યુવાનો તેમજ શહેર તેમજ તાલુકા ભાજપના તમામ કાર્યકરો શહેરના અગ્રણી વેપારી વિવિધ સંસ્થાના આગેવાનો રાજુલા ઓફ કોમર્સના હોદેદારો સહિતના અનેક યુવાનો આ મશાલ રેલી માં જોડાયા હતા.

# રાજુલાના દેવકા વિધાપીઠના બાળકો રાજ્યકક્ષાએ ચમક્યા



રાજુલા,ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશન તેમજ અમરેલી જિલ્લા કબડ્ડી એસોસિયેશન તેમજ દેવકા વિદ્યાપીઠ દ્વારા આયોજીત 'સુપર ૮ કબડ્ડી ચેમ્પિયનશિપ ૨૦૨૪'ના શુભારંભ પ્રસંગે આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર તથા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ પીન્ટુભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિતિ રહી ખેલાડીઓને પ્રોત્સાહિત હતા આગેવાનોએ હાજરી આપી રાજ્યકક્ષા સ્તરના ખેલાડી ના આપણા આંતરિયાળ રાજુલા જેવા વિસ્તારમાં પોતાના વતનને હર હંમેશ યાદ રાખનાર અને જાણીતા ભાગવત કથાકાર પરમ પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા આ સંસ્થાને પ્રોત્સાહન મળ્યું હતું પરમ પૂજ્ય ઓઝા આ દેવકા વિદ્યાપીઠના સ્થાપક છે અને આ દેવકા વિદ્યાપીઠ આ વિસ્તારના ગ્રામ્ય કક્ષાના તેમજ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને પણ આ સંસ્થા આશીર્વાદ રૂપ છે ત્યારે આજે આ કાર્યક્રમ ગુજરાત સ્ટેટ કબડી તથા અમરેલી જિલ્લા દેવકા વિદ્યાપીઠ દ્વારા આયોજિત આ કાર્યક્રમ સફળ થયો હતો કાર્યક્રમમાં શ્રી હરેશભાઈ જેઠવા કોડીનેટર ડીએસ ગોયાણી તથા હરેશભાઈ એજ્યુકેશન ડાયરેક્ટર તથા આચાર્યશ્રી બેલાબેન નાયક અને ખેલાડીઓ ની સ્ફૂર્તિ અને સ્કિલ જોવા મળી હતી કાર્યકરનું આયોજન અને સંચાલન રામભાઈ વાવડીયા એ કર્યું હતું

# રાજુલાના કૌશિક નગર સોસાયટીનો રસ્તો રિપેર થશે ?

### પાણી ભરાતા દર્દીઓને દવાખાને લઇ જવા પણ મુશ્કેલ



રાજુલા,

રાજુલાના કૌશિક નગર સોસાયટી તળાવમાં ફેરવાણી રસ્તો રીપેરીંગ પાલિકા કરશે ખરી ન? રાજુલા જાફરાબાદ રોડ અને ગેટ ની બાજુમાં આવેલી કૌશિક સોસાયટી તેમજ વિસ્તારમાં વરસાદના પાણી ભરાતા લોકોને દવાખાને લઈ જવા હોય પણ આ રસ્તામાં પ્રાઈવેટ વાહનને ગમે તેટલા ભાડા દેવા છતાં રીક્ષા પણ આવતી નથી અને શાળાને બાળકો ને અભ્યાસ કરવા માટે જવું હોય તો જાફરાબાદ રોડ ઉપર ઉભું રહેવું પડે આ સોસાયટીમાં રાજુલામાં ૨૦જબર્રન છે પરંતુ અહીં એક પણ સ્કૂલના વાહનો પૈસા દેવા છતાં સોસાયટીમાં વિદ્યાર્થીને લેવા આવતા અને ત્યાંથી વાળે વાહન ભાડે બાંધી ગમે તે શાળામાં વિદ્યાર્થીઓ જાય છે વરસાદના કારણે રોડ સંપૂર્ણ ધોવાઈ ગયેલો છે રાજુલ નગરપાલિકામાં સૌથી મોટી આ સોસાયટી હોવા છતાં આજદિન સુધી મેટલ રોડ પણ કરવામાં આવ્યો નથી અને શીકણા ગાળામાં વાહનો ફસાય છે અહીંયા ચોમાસામાં તો ઠીક પણ ઉનાળામાં પણ રોડના લોકો ત્રાહિમામ પોકારી ગયા છે તાજેતરમાં સોસાયટી વાસીઓએ પ્રાંત કચેરીને અને નગરપાલિકાને પણ રજૂઆત કરી હતી પરંતુ આજ દિન સુધી કૌશિક નગર સોસાયટીમાં માત્ર વેરા લેવામાં જ આવે છે વેરો લઈ જાય છે પણ કામગીરી કરતા નથી સફાઈ ભરવા માટે કોઈપણ વાહન આવતું નથી ત્યારે સફાઈ કરવામાં કોઈ જોવા નથી તાજેતરમાં સોસાયટી ના લોકો દ્વારા એવું કરવામાં આવ્યું છે કે હવે દસ દિવસમાં આ રસ્તા નો પ્રશ્ન નહીં મોકલે તો કૌશિક નગરના લોકો તેમજ ખોજાવાડ ના લોકો જાફરાબાદ રોડ ઉપર બેસી જવાનું નક્કી કર્યું છે સોસાયટીમાં અભ્યાસ માટેની નિશાળ પણ ન હોવાથી પ્રાથમિક સુવિધાઓ ન હોવાથી ફરજિયાત કૌશિક નગર માંથી રોડ ઉપર જવું હોય તો કે ગામમાં ખરીદીમાં કે નિશાળે કે બીમાર દર્દીઓને લઈ જવા હોય તો ત્રાસી ગયા છે અને તાત્કાલિક રોડ રીપેરીંગ કરાવે અને ના સુટકે જાફરાબાદ રોડ ઉપર ન બેસવું પડે તે માટે વહીવટદાર કેસીફ ઓફિસર પગલાં લે દેવી માંગણી કૌશિક નગર વિસ્તારમાં માંગણી ઉઠેલ છે.

### જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત

# જાફરાબાદ પારેખ મહેતા હાઇસ્કુલમાં વૃક્ષારોપણ કરાયું

### ગુજરાતને વધુ હરિયાળુ બનાવવા સંકલ્પ સાથે આયોજન



રાજુલા,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું મિશન 'એક પેડ માં કે નામ' જનજન સુધી પહોંચ્યું છે તે અભિયાન હેઠળ જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત પારેખ મહેતા હાઈસ્કુલ અને પ્રાથમિક તા/૨૩/૦૭/૨૪ ના રોજ વૃક્ષો રોપણ ગુજરાતને વધુ હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે 'સામાજિક વનીકરણ'ની ચાર નવીન યોજનાઓનો રાજ્યભરમાં પ્રારંભ કરવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા શરૂ કરાયેલી આ ચાર નવીન યોજનાઓમાં (૧) હરીત વન પથ વાવેતર (૨) પંચરત્ન ગ્રામ વાટીકા વાવેતર (૩) અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર અને (૪) નર્સરીમાં સીડલીંગ તૈયાર કરવાનો સમાવેશ થાય છે.વન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ ચાલુ વર્ષે રાજ્ય સરકારે આ નવીન યોજનાના સફળ અમલીકરણ માટે વિવિધ લક્ષ્યાંક નક્કી કર્યા છે. જેમાં હરીત વન પથ વાવેતર મોડલ હેઠળ રાજ્યમાં ૭૦ હેક્ટર વિસ્તારમાં ટ્રી ગાર્ડ સાથે રોપાનું વાવેતર કરવાનું આયોજન છે. ઉપરાંત પંચરત્ન ગ્રામ વાટીકા મોડલ હેઠળ રાજ્યમાં ૧,૦૦૦ ગામડાંઓમાં ગામ દીઠ ૫૦ રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર તેમજ ચાલુ વર્ષે અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર મોડલ હેઠળ રાજ્યના ૬૫ અમૃત સરોવર ફરતે અમૃત સરોવર દીઠ ૨૦૦ રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવશે. 'સામાજિક વનીકરણ'ના આ નવીન અભિયાનમાં પર્યાવરણ પ્રેમી નાગરિકોને સહભાગી થવા વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે સામાજિક વનીકરણ'ની નવીન યોજનાઓની સમજ ૧.હરીત વન પથ વાવેતર :- માર્ગની બાજુમાં પટ્ટી વાવેતર માટે રાજ્ય સરકારે નવું હરીત વન પથ વાવેતર મોડલ અમલી બનાવ્યું છે. આ વૃક્ષ રોપવામાં કેળવણી ઉત્તેજક મંડળ ના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા તથા મંત્રી શ્રી યોગેશભાઈ ગોરડીયા ફોરેસ્ટ ના ઈર્ખ શ્રી મકરાણી સાહેબ તેમજ ફોરેસ્ટ સ્ટાફ તરફથી શાળાના પરિસરમાં વૃક્ષો રોપવામાં આવ્યા હતા તેમજ બાળકોને ઘરે વૃક્ષો રોપવા માટે બાળકોને નિઃશુલ્ક ૫૦૦ જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું આ તકે જા.કે.ઉ.મંડળે પોતાની રીતે ફૂલ છોડનાં રોપાની ખરીદી કરી અને બાળકોને ૪૦૦ થી પણ વધુ ફૂલ છોડના રોપાનું વિતરણ આવ્યું હતું તેમજ શાળા પરિસરમાં ૧૦૦ જેટલા વૃક્ષો નું વાવેતર કરવામાં આવ્યું હતું આ વૃક્ષોના સહયોગ બદલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી એસ.એમ. મકરાણી તેમજ બાબરકોટ નર્સરીના પરેશભાઈ વાઘેલા નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમા વનવિભાગ દ્વારા ખુબજ મહેનત કરવામાં આવી

# રાજુલા સંઘવી કોલેજમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

### સંઘવી મહિલા આર્ટસ, કોમર્સ કોલેજનું સુંદર આયોજન



રાજુલા,

શ્રીમતી એચ બી સંઘવી મહિલા કોલેજ ખાતે તારીખ:-૨૬/જૂન/૨૦૨૪નાં રોજ અમરેલી જિલ્લા સહકારી બેંક નાં સિનિયર બેંક મેનેજર શ્રી દિનેશ ભાઈ કાપડિયા તથા રાજુલા પોલીસ સ્ટેશન થી હેડ કોન્સ્ટેબલ શ્રી મુકેશભાઈ ગાઝિપરા તથા કોલેજ સેક્રેટરી શ્રી બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર શ્રી રવિ ભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડો.જીજ્ઞેશ ભાઈ વાજા તથા પોલીસ કોન્સ્ટેબલ ભારતીબેન પરમાર તથા તથા કોન્સ્ટેબલશ્રી હેતલ બેન ધાખડા તથા પોલીસ કોન્સ્ટેબલ ગીતા બેન વરું તથા સલાહ કાર સમિતિ નાં સભ્ય શ્રી ગિરધર ભાઈ ઉનાંગરની વિશેષ ઉપસ્થિતિ માં ઓરીએ ન્ટેશન પ્રોગ્રામ નું આયોજન નું સફળ આયોજન થયેલ. પ્રિન્સિપાલ ડો.રીટા બેન રાવળ દ્વારા વ્યાખ્યાતા તથા મહેમાનો નું સ્વાગત અભિવાદન કરવામાં આવેલ.ત્યાર બાદ બેંક ના સિનિયર મેનેજર શ્રી કાપડિયા સાહેબ દ્વારા ડિજિટલ પેપર લેસ નાણાંકીય વહીવટ તથા નાણાં ની બચત તથા ફ્રોડ અંગે સાવચેત કેમ રહી શકાય તે અંગે માહિત ગાર કરેલ. આ સાથે હેડ કોન્સ્ટેબલ શ્રી મુકેશ ભાઈ ગાઝીપરા તથા કોન્સ્ટેબલ હેતલ બેન ધાખડાં એ મહિલા સુરક્ષા નાં કાયદા અંગે તથા સાયબર ક્રાઈમ ના સાવચેતી પગલા અંગે જાણકારી આપેલ.વિદ્યાર્થિની બહેનો ને જરૂરી માહિતીથી સભર શિક્ષણ આપેલ. કાર્યક્રમ નું આભાર દર્શન શ્રી એન.એસ.એસ.પી. તથા પ્રોફેસર શ્રી જાગૃતિબેન તેરૈયા એ કરેલ. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રો.નેહાબેન દરજી એ કરેલ.સમગ્ર કાર્યક્રમ ની જહેમત એન.એસ.એસ ટીમ નાં સ્વયમ સેવકો એ ઉઠાવેલ.કાર્યક્રમ ની સફળતા માટે પ્રાધ્યાપકો માર્ગ દર્શન આપેલ.

# ડોળાસાના ચિખલી ગામમાં નરાધમ પિતા સગીર બાળા ઉઠાવી ગયો

ડોળાસા,ડોળાસા થી ત્રણ કી.મી.દૂર આવેલા ચીખલી ગામ નો પાંચ સંતાનો નો પિતા એક ૧૧ માં ધોરણ માં ભણતી સગીર બાળા ને બદ ઈરાદે ઉઠાવી ગયો છે.આ બાબતે નવાબંદર પોલીસ માં ફરિયાદ કર્યા ને અઢી માસ વિતિ જવા છતાં પોલીસ આ શખ્સ કે સગીરા ને શોધી નહિ શકતાં આ પરિવાર ભારે ચિંતા માં મૂકયો છે.આ સગીરા સલામત છે કે નહિ તે બાબતે પણ સગા સબંધીઓ ભારે ઉપાધિ માં મૂકાયા છે. આ બાબતે વાર વાર સરકાર અને પોલીસ તંત્ર માં રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી.

# રાજુલાના રાભડામાં ગ્રામ સભા યોજાઇ

### પ્રાંતઅધિકારી, મામલતદાર અને ટીડીઓની ઉપસ્થિતિ



રાજુલા,રાજુલા તાલુકાના રાભડા ગામે ૨૫-૦૭/૨૦૨૦ ના રોજ સ્થાને ગ્રામસભા નું આયોજન કરવામાં આવેલ હતું આ ગામ સભાના આયોજનમાં રાજુલા પ્રાંત અધિકારી શ્રી મામલતદાર શ્રી તાલુકા વિકાસ અધિકારી શ્રી અને ગામસભાના એજન્ટા મુજબ ૧૬-૧૬ ડિપાર્ટમેન્ટના તમામે તમામ કે અધિકારી કોણ હાજર રહેલ હતી અને આ ગામ સભામાં નિકાલ કરવામાં આવ્યો હતો જે નિકાલ થઈ શકે તેમ હતા તેઓ સ્થળ ઉપર નિકાલ કરેલ છે બાકીના બધા પ્રશ્નો ડિપાર્ટમેન્ટમાં ઠરાવ કરી મોકલી આપેલ છે ગામ લોકોએ ખૂબ જ પહોળી સંખ્યામાં લાભ લીધેલ હતો ગ્રામસભા બાદ અધિકારી શ્રી મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી હિતેશ પરમાર દ્વારા પ્રાથમિક શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કરેલું હતું અને સરદારસિંહ દ્વારા ફાળવેલ દસનામ સાધુ સમાજના પહેલા જામની અંદર પણ વૃક્ષારોપણ કરેલ હતું આ ગામ છે બનાવવા માટે આપણા ગામના સરપંચ શ્રી રેખાબેન અરવિંદ ગૌસ્વામીના પ્રતિનિધિ તરીકે અરવિંદ ગીરીબાપુ ગામ પંચાયતના પ્રમુખ સરપંચ શ્રી પંચાયતના અને ગમના આગેવાનોએ ખૂબ જ ઉઠાવી હતી કેમ નનકા દાદા ની યાદીમાં જણાવ્યું છે

# રાજુલા જનરલ હોસ્પિટલના વર્ગ-૪ના કર્મચારીઓના પગાર અનિયમિત..!

### કર્મચારીઓના અનિયમિત પગારને કારણે જીવન નિર્વાહમાં મુશ્કેલી સર્જાઇ

રાજુલા,

રાજુલા શહેરમાં આવેલી જનરલ હોસ્પિટલ માં કરાર આધારિત ફરજ બજાવતા વર્ગ ૪ ના કર્મચારીઓના પગાર નિયમિત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે જાણવા મળતી વિગત મુજબ રાજુલા જનરલ હોસ્પિટલમાં ૪૦ જેટલા વર્ગ ૪ના કર્મચારીઓ ફરજ કરાર આધારિત એજન્સી મારફત કરે છે જે કર્મચારીઓ હોસ્પીટલ સૌથી વધારે કામ ધસડતા હોય છે વેતન બધા કરતા ઓછું હોયછે તેમાં પણ એજન્સી મારફત પગાર નિયમિત થતો ના હોય આથી ભારે હાલાકી કર્મચારીઓ ભોગવતા હોય છે ત્યારે આ વર્ગ ૪ ના કર્મચારીઓના પગાર નિયમિત કરવામાં આવે જેથી આ લોકોનું ગુજરાન સારી રીતે ચાલી આ બાબત યોગ્ય થાય તેવી કર્મચારીઓ ની લાગણી છે

